# દિવ્ય પથ

## ( જીવન-પરિચય : શ્રદ્ધેય એ. નાગરાજ )

**પ્રણેતા**

**મધ્યસ્થ દર્શન સહઅસ્તિત્વવાદ**

**અસ્તિત્વમૂલક માનવકેન્દ્રિત ચિંતન**


મૂળ લેખક:

સુરેન્દ્ર પાલ

ભાવાનુવાદક:

વંદન રાવલ

ગુજરાતી અનુવાદના સમીક્ષકો:

શ્રી કુમુદચંદ્ર ઠાકર, સુરેશ પટેલ, યોગેશ ઉપાધ્યાય, દેવિન્દ્રાબેન ભટ્ટ

**પ્રકાશક -**

જીવન વિદ્યા પ્રકાશન

દિવ્ય પથ સંસ્થાન

અમરકંટક, જિલ્લો- અનૂપપુર – 484886

**લેખક -**

સુરેન્દ્ર પાલ

**ભાવાનુવાદક-**

વંદન રાવલ

**© સર્વાધિકર પ્રકાશક પાસે સુરક્ષિત**

**મુદ્રણ -**

**(મુદ્રકનું નામ અહીં લખવું)**

**પ્રથમ આવૃત્તિ : નવેમ્બર, 2018**

**સહયોગ રાશિ – (સહયોગ રાશિ અહીં લખવી)**

# લેખકનું નિવેદન

જૂન, ૨૦૧૦માં મેં પ્રથમ ‘જીવનવિદ્યા પરિચય શિબિર’ કરી ત્યારથી આદરણીય બાબાજી (અગ્રહાર નાગરાજ એટલે કે એ. નાગરાજ)ના જીવન અંગે ઉત્સુકતાએ જન્મ લીધો, જે ‘મધ્યસ્થ દર્શન’ના અધ્યયન વખતે વધતી ગઈ. આ માનવનું વ્યક્તિત્વ કેવું હશે? તેમના જન્મ સમયે કેવી પરિસ્થિતિ હશે? કેવા સંસ્કાર મળ્યા હશે? શિક્ષણ કેવું મળ્યું હશે? શું કોઈ વિશેષ ઘટનાએ તેમને આ અનુસંધાન માટે પ્રેરિત કર્યા હશે? લાંબા કાળથી અપેક્ષિત અને રહસ્યમય મનાતું  આ ઉત્તમ જ્ઞાન તેમના થકી કઈ રીતે પ્રગટ થયું? મને લાગે છે કે આવી ઉત્સુકતા જીવનવિદ્યા અથવા મધ્યસ્થ દર્શનના સંપર્કમાં આવનાર દરેકને થતી જ હશે. માનવ ઈતિહાસમાં એવાં ઉદાહરણો છે જ કેટલાં, કે કોઈ માનવે અંતિમ અથવા પરમ સત્યને જાણવા માટે પોતાનું બધું જ દાવ પર લગાડી દીધું હોય?

આમ તો બાબાજી દ્વારા રચિત સાહિત્યમાં, તેમનાં ઉદ્‌બોધનોમાં અને તેમની સાથે રહેલાં કેટલાક સાથીઓ પાસેથી સાંભળેલાં સંસ્મરણોમાં બાબાજીના જીવન અંગે કંઈક વાતો  જાણવા મળી રહેતી. તેનાથી તો બળતામાં ઘી હોમાતું! બાબાજીની મનોસ્થિતિની યાત્રા વિશે વધારે જાણવાની ઉત્સુકતા તીવ્ર બનતી ગઈ. એટલે જ જ્યારે અમદાવાદમાં યોજાયેલી એક ગોષ્ઠિમાં એક સાથીએ બાબાજીની જીવનકથાની વાત ઉઠાવી, ત્યારે મેં બાબાજીની સાથે રહેતા કેટલાક સાથીઓ (સાધનભાઈ, સોમભાઈ, અંજનીભાઈ, વગેરે) સાથે આ અંગે ચર્ચા કરવાનો નિર્ણય કર્યો. અમુક દિવસો પછી જ (૧ થી ૧૦ ફેબ્રુઆરી, ૨૦૧૪) અધ્યયન માટે અછોટી (રાયપુર, છત્તીસગઢ) જવાનું નક્કી થયેલું અને જાણવા મળેલું કે બાબાજી પણ ત્યાં જ રહેશે. સાથીઓએ જણાવ્યું કે તેઓએ આ વાત બાબાજી સાથે ઘણીવાર કરેલી પણ કોઈ કારણોસર નિર્ણય નથી થઈ શક્યો. બાબાજી સાથે આ અંગે વાત કરવાનું સાથીઓએ મને સૂચવ્યું.

બાબાજી સાથે વાત થઈ અને મને લખવાની જવાબદારી મળી. ફેબ્રુઆરી, ૨૦૧૦ ના અંતિમ ૧૦ દિવસોમાં બાબાજી તથા પરિવારના સભ્યોની સાથે અમરકંટકમાં રહ્યો. તેઓની પાસેથી માહિતી મેળવી અને લખવાનું શરુ કર્યું. આ પુસ્તકના મુખ્ય સ્ત્રોત સ્વયં બાબાજી જ છે. મોટાભાગની માહિતી બાબાજીએ પોતે જ મને આપી છે અને કેટલીક

વાતો સમયાંતરે થયેલા બાબાજીના પ્રવચનોમાંથી મેળવી છે, જે અન્ય પુસ્તકોમાં ઓળખાઈ આવશે. બાબાજીનાં સુપુત્રી સુ.શ્રી શારદાઅમ્બાજી, પુત્રવધૂ શ્રીમતી સુનીતાજી તથા શ્રીમતી પૂજાજી, સુપુત્ર માર્કંડેયજી તથા લક્ષ્મીપ્રસાદજી તેમજ સાધનભાઈ (તેઓ આદરણીય બાબાજી તથા તેમના પરિવારની સાથે ૨૨ વર્ષોથી રહે છે), શ્રીરામભાઈ (તેઓ પત્ની, શ્રીમતી ગૌરીજી સાથે લગભગ ૨ વર્ષથી બાબાજીના પરિવારમાં રહે છે), શ્રીમતી મહિમાજી તથા અન્ય જીજ્ઞાસુઓ પાસેથી પણ ઘણી વાતો જાણવા મળેલી, જે બાબાજી પાસે પ્રમાણિત કરાવેલી. બાબાજીનું વ્યક્તિગત મહિમામંડન ન થઈ જાય તેનું ધ્યાન રાખવાની સૂચના મને બાબાજી પાસેથી જ વારંવાર મળતી. બાબાજી સાથે થતાં વાર્તાલાપમાં આ પુસ્તકનો હેતુ એ નિશ્ચિત થયો કે પુસ્તકના વાચકમાં 'મધ્યસ્થ દર્શન'ના અધ્યયનની રુચિ ઉત્પન્ન થઈ શકે. આશા છે કે આ હેતુ ફળશે.

આ પુસ્તક લખતી વેળા હું મારામાં સ્પષ્ટતા વધતી જોઈ શક્યો અને તૃપ્તિ અનુભવી. મધ્યસ્થ દર્શનના મૂળ સિદ્ધાંતોના વર્ણન બાબતે જો ક્યાંક આ પુસ્તક અને વાડમય વચ્ચે વિરોધાભાસ દેખાય તો વાડમયના વર્ણનને યોગ્ય ગણવું એવું મારું નિવેદન છે. આ પુસ્તકની કોઈપણ ત્રુટિની જવાબદારી કેવળ મારી છે.

આ પુસ્તક લખવામાં મને અનેક સાથીઓની સહાય મળી છે, જે સૌનો હું આભારી છું. પ્રત્યક્ષ યોગદાન માટે હું અમ્બાદીદી, સાધનભાઈ, બી.આર.ભાઈ, શ્રીરામભાઈ, ગૌરીબહેન તથા હિમાંશુભાઈનો આભારી છું. હું એ સર્વ વિદ્વાનોનો આભારી છું, જેઓ મધ્યસ્થ દર્શનના ઉદ્દ્ઘાટન અને આ પાવન ધરા પર તેના અવતરણની યાત્રામાં સહયોગી તથા સહયાત્રી રહ્યા અને આજે સશરીર આપણી વચ્ચે નથી. તેમાં સર્વપ્રમુખ માતાજી નાગરત્નાદેવી, શ્રી નંદકુમાર શ્રીવાસ્તવ, શ્રી યશવંતકુમાર સિંધુ, શ્રી એન.એસ.પુરાણિક, શ્રી અશોક વર્મા, ડૉ. યશપાલ સત્ય અને એવા અનેક વિદ્વાનોને હું શ્રદ્ધાસુમન અર્પિત કરું છું.

આ અવસર પર મારાં વરિષ્ઠ બંધુ-ભગિનીઓ - શ્રી રાજન શર્મા, શ્રી રણસિંહ આર્ય, શ્રી ગણેશ બાગડિયા, અંજનીભાઈ અને પરિવાર તથા શ્રીમતી અનિતા શાહને પરોક્ષ સહાયતા બદલ યાદ કરીને ગૌરવ અનુભવું છું.

# ભાવાનુવાદકનું નિવેદન

પૂ. કુમુદદાદા (શ્રી કુમુદચંદ્ર ઠાકર)ની સલાહને કારણે મેં જુલાઈ, ૨૦૧૬માં પ્રથમ 'જીવનવિદ્યા પરિચય શિબિર' કરી. જીવવા માટે જે સમજણ જોઈએ છે એ આ દર્શન આપી શકશે, એવી ખાતરી પ્રથમ શિબિરમાં થઈ અને પછી સમજવામાં લાગી ગયો, લાગેલો છું.

શ્રી ઉમ્મેદભાઈ નાહટાએ બાબાજીના જીવન-પરિચયનો અનુવાદ કરવાનું સૂચન  કર્યું અને હું ઉત્સાહ સાથે તૈયાર થઈ ગયો. બાબાજી સાથે મારી સશરીર મુલાકાત થઈ શકી નથી. મેં પ્રથમ શિબિર કરી તે પહેલાં તેમનું શરીર શાંત થઈ ચૂક્યું હતું. લાંબા સમયથી સમજવામાં લાગેલા વડીલો પાસેથી બાબાજીના અમુક પ્રસંગો સાંભળેલા. આ પુસ્તક થકી મને બાબાજીના જીવનનો વિસ્તારથી પરિચય થયો છે એ બદલ હું આદરણીય સુરેન્દ્રજી પ્રત્યે કૃતજ્ઞ છું.

પુસ્તકના ભાવાનુવાદ સમયે, મૂળ લેખકશ્રીની જેમ, હું મારામાં સ્પષ્ટતા વધતી જોઈ શક્યો છું અને તેની તૃપ્તિ અનુભવું છું. હા, મૂળ પુસ્તકનો આ શબ્દશઃ અનુવાદ નથી. શબ્દશઃ અનુવાદ કરવા જતાં વાક્યરચનાઓ ઘણી જ ભારેખમ બને તેમ હતું. સરળતાથી અર્થગ્રહણ થઈ શકે એ માટે આ પુસ્તકનો ભાવાનુવાદ કર્યો છે. હા, પુસ્તકમાં જ્યાં વાઙમયના સૂત્રોનો ઉલ્લેખ છે ત્યાં મેં મૂળ પુસ્તકનું શબ્દશઃ ભાષાંતરણ કરવાનું જ પસંદ કર્યું છે. તો, પ્રસંગોના વર્ણનોનો ભાવાનુવાદ અને દર્શનનાં સૂત્રોનું ભાષાંતરણ કરીને બાબાજીનું જીવનકથન આપની સમક્ષ મૂકતાં તૃપ્તિ અનુભવું છું.

આ પુસ્તકના ભાષાકીય 'પ્રૂફ રીડીંગ' માટે હું શ્રીમતી દેવિન્દ્રાબેન ભટ્ટનો અને શ્રી કુમુદચંદ્ર ઠાકરનો ઋણી છું. ભાવાનુવાદ કરવા જતાં ક્યાંય અર્થભેદ નથી થયો તેની ચકાસણી કરી આપવા બદલ હું શ્રી સુરેશભાઈ પટેલ અને શ્રી યોગેશભાઈ ઉપાધ્યાયનો આભારી છું. તેઓએ દર્શાવેલી ભૂલો સુધારતી વખતે અમુક બાબતો મને સ્પષ્ટ થઈ તે બદલ પણ હું તેમના પ્રત્યે કૃતજ્ઞ છું. છતાં પણ મૂળ પુસ્તકની સાપેક્ષમાં ક્યાંય અર્થભેદ દેખાય તો મૂળ પુસ્તકને જ સાચું માનવું અને એ ભૂલની જવાબદારી મારી છે. પુસ્તક પ્રકાશિત કરવા બદલ આપણે દિવ્ય પથ સંસ્થાનના આભારી છીએ.

૧૦મી જૂન, ૨૦૧૭     શનિવાર

# બાબાજીનું કથન

# આસ્થા, શ્રમ અને સેવા

ભારતવર્ષનાં કર્ણાટક રાજ્યનાં હાસન જિલ્લામાં રામનાથનપુર નજીક આવેલું અગ્રહાર ગામ સામાન્ય ગામ જેવું જ છે. ટેક્નોલોજીનો વિકાસ અને પ્રભાવ ચારે તરફ ફેલાયેલો જોવા મળે છે. આજે લગભગ દરેક ઘરમાં ટી.વી., ઓછામાં ઓછી એક મોટરસાઈકલ, ફ્રીઝ, ફોન અને વીજળીનો પ્રકાશ છે. આધુનિક શિક્ષણ પણ છે. ગ્રામ-પંચાયત દ્વારા દરેક ઘરમાં પાણીની સગવડ પૂરી પડાય છે. ગામમાં લગભગ ૨૦૦ ઘર છે. આજુબાજુનાં શહેરોથી ગામ રોડ વડે જોડાયેલું છે. પરંતુ, કોઈ વેદમૂર્તિ (વેદોનો જ્ઞાતા અને વેદોનું અધ્યયન કરાવનાર) હથેળી પર દીવો લઈને શોધતાં, અગ્રહાર તો શું, આખાય કર્ણાટકમાં મળવો મુશ્કેલ છે.

વીસમી સદીના બીજા દશકામાં આ ગામનું ચિત્ર આજથી બિલકુલ અલગ જ હતું. એ વખતે હતો કેરોસીનનો પ્રકાશ, કૂવાનાં પાણી અને પારંપરિક શિક્ષણ. ગામમાં લગભગ ૧૦૦ ઘર હતા, જેમાનાં ૩૦ ઘર ‘વેદમૂર્તિ સાંકેતિ બ્રાહ્મણ’ તરીકે ઓળખાતાં પરિવારોનાં હતા અને અન્ય પરસ્પર મળતી હોય એવી જાતિઓના ઘર હતા. ગામમાં લગભગ ૫૦ વેદમૂર્તિ હતા. કટ્ટરપંથી પરંપરા અને છૂત-અછૂતના ભેદ આ વેદમૂર્તિ પરિવારોમાં મહત્તમ જોવા મળતાં. આ વેદમૂર્તિ અન્ય જાતિ સાથે ભોજન કરે એ તો વિચાર જ સંભવ નહોતો, પરંતુ, પોતાની જાતિના લોકો સાથે ભોજન કરતી વખતે જો કોઈ ભૂલથી પણ એકબીજાને અડકે, તો બન્નેએ તરત જ ભોજન છોડીને ઉઠવું પડતું, ઠંડા પાણીમાં ડૂબકી લગાવવી પડતી, જનોઈ બદલવી પડતી અને પાંચ નારિયેળ વડીલોને દાન આપ્યા પછી જ કંઈક કામ કરી શકાતું.

આવાં જ એક વેદમૂર્તિ યુગલ શ્રી શ્રીનિવાસ શર્મા અને શ્રીમતી સુબમ્માના સુપુત્ર શ્રી નરસિંહ શર્મા અને તેમનાં પત્ની શ્રીમતી વેંકમ્મા ઘોર વૈદિક પરંપરાથી જીવન જીવી રહ્યાં હતા. બન્નેને વિદ્વતા વારસામાં મળેલી. શ્રીમતી વેંકમ્માના મોટાભાઈ શ્રી વિશ્વેશ્વરૈયાએ અનેક વિદ્વાનોને વેદોનું શિક્ષણ આપેલું, જેમાં શ્રૃંગેરીના શંકરાચાર્ય શ્રી ચંદ્રશેખર ભારતીજીનો પણ શમાવેશ થાય. શ્રીમતી વેંકમ્મા આયુર્વેદ અને જ્યોતિષમાં પારંગત હતા. પિતાજી પાસેથી આ કૌશલ્ય તેમણે પ્રાપ્ત કર્યું હતું.

૧૯૨૦ની ૧૪મી જાન્યુઆરીની (મકરસંક્રાંતિની) સાંજે ૭ વાગ્યે શ્રીમતી વેંકમ્માએ પાંચમા સંતાનને જન્મ આપ્યો, જેનું નામ રખાયું નાગરાજ.

બાળક નાગરાજ જ્યારે સભાન બન્યા ત્યારે જાણ્યું કે સૌથી મોટાં બહેન સુબ્બાલક્ષ્મ્મા અને એમનાંથી નાનાં સીતાલક્ષ્મ્માનાં લગ્ન થઈ ચૂક્યાં હતા. મોટા ભાઈ અનંત નારાયણ શર્મા ગામની શાળામાં ભણવા જતા અને અંગ્રેજીમાં વાતો કરી શકતા. ત્રીજા બહેન રુક્માણામ્મા બાળક નાગરાજથી લગભગ ૨ વર્ષ મોટાં હતા. નાનાં ભાઈ રામનાથ હજી એક વર્ષના હશે.

સભાન થયા પછી બાળક નાગરાજના જીવનમાં સૌપ્રથમ નોંધનીય ઘટના બની, જ્યારે તેઓ મામાજી સાથે મેળામાં ફરવા ગયાં. મેળામાં એક જાદુગર જાદુના ખેલ દેખાડતો હતો. એક વાંસને જમીનમાં ખોડ્યા વગર તે તેના પર ચઢી ગયો. આ જોઈને બાળક નાગરાજને સારું લાગ્યું. પછી તો એણે એના દીકરાને કાપી નાંખ્યો અને લોહી પણ લોકોને દેખાડ્યું. એક સૂપડામાં પથ્થરો ભેગા કરીને તેના પર કપડું ઢાંકી દીધું અને ડુગડુગિયું વગાડવા માંડ્યો. પછી કપડું ઉઠાવીને લોકોને દેખાડ્યું કે પથ્થરો સોનામાં ફેરવાઈ ગયા હતા! એ સોનામહોર તે લોકોને આપવા લાગ્યો. મામાજીને પણ એક સોનામહોર મળી. છેવટે એ જ સૂપડામાં તે લોકો પાસેથી રૂપિયા માંગવા માંડ્યો. બાળક નાગરાજે મામાજીને પૂછ્યું-

“આણે હમણાં જ તો પથ્થરોનું સોનું બનાવ્યું. તો પછી ભીખ કેમ માંગે છે?”

“શું બકે છે? ચૂપ થા, ચૂપ!” મામાજીએ કહ્યું.

રાતનું ભોજન લીધાં બાદ બાળક નાગરાજે પેલી સોનામહોર તપાસી તો ખ્યાલ આવ્યો કે એ પથ્થર જ હતો. બાળક નાગરાજે નિષ્કર્ષ કાઢ્યો કે આ જાદુના ખેલ મૂર્ખતાનું કામ હતું અને ત્યારથી તેઓ ચમત્કારને નમસ્કાર કરવાને મૂર્ખતા માનવા લાગ્યા.

બાળક નાગરાજના બાળપણથી જ ઘરમાં કોઈ જાતની અછત નહોતી. દોઢ એકર જમીનમાં નારિયેળ, સોપારી, પાન અને કેળાંનું ઉત્પાદન થતું. રોજનું

લગભગ ૪૦ કિલો દૂધ આપનારી ગાયો હતી. પરિવારની જરૂરિયાત કરતાં ઘણા જ વધારે પ્રમાણમાં દૂધ, ફળ અને શાકભાજીનું ઉત્પાદન થતું હોવા છતાં આ વસ્તુઓના વેચાણની વાત વિચારી પણ શકાતી નહીં. ઘરની બહારના આંગણામાં એક મોટા વાસણમાં દૂધ અને તેની પડખે શાકભાજી તથા ફળ મૂકવામાં આવતાં. જરૂરિયાતમંદ લોકો પોતાની જરૂર મુજબનું એમાંથી લઈને ચાલતાં થતાં. એ લોકોને ઘરનાં સભ્યો જોઈ ન શકે એ પ્રકારે વ્યવસ્થા કરવામાં આવતી. આ કાર્યક્રમ જોઈને બાળક નાગરાજે માતાને પૂછ્યું-

"આવું કેમ? એ લોકો આપણી પાસેથી માંગીને આ વસ્તુઓ ન લઈ જઈ શકે?"

"માંગવું કોઈને સારું ન લાગે!" માતાએ જવાબ વાળ્યો- "લેનારને દીનતા ન અનુભવાય એ માટે આવી વ્યવસ્થા કરી છે."

માતાનો જવાબ સાંભળીને બાળક નાગરાજ વિચારવા લાગ્યા કે એમનો પરિવાર કેવી રીતે અન્યના સન્માનનું ધ્યાન રાખે છે!

બાળક નાગરાજ જોતા કે તેમનાં માતાજી રોજ સવારે વહેલા ઊઠીને રંગોળી સજાવતાં, જેમાં જે તે દિવસનું પંચાંગ બનાવતાં. લોકો એ પંચાંગ જોવા આવતાં અને જોઈને ખુશ થતાં. ગાયોના દૂધનું દહીં જમાવવું, વલોવવું, માખણ કાઢવું, અનાજ દળવું અને એવાં કેટલાંય કામ માતાજી કરતાં, જેમાં બાળક નાગરાજ યથાશક્તિ મદદ કરતા. પોતાના માતાજીની વિદ્વતા, આયુર્વેદ અને જ્યોતિષમાં નિપુણતા તથા અથાક સેવા જોઈને બાળક નાગરાજ ગદ્‌ગદિત થઈ જતા.

પિતાશ્રી રોજ સવારે ૪ વાગ્યે જાગતા. સ્નાન કર્યા બાદ વેદપાઠ અને પૂજા કરીને ખેતરમાં પરિશ્રમ કરતા. લગભગ ૯ વાગ્યે પાછા આવીને ફરી સ્નાન કરતા, પૂજાપાઠ કરતા અને ભોજન કરીને આરામ કરતા. બપોર પછી ફરી ખેતરમાં જઈને શ્રમ કરતા, પાછા ફરીને સ્નાન કરતા, વેદપાઠ કરતા, હવન કરીને જમતા અને પછી સૂઈ જતા.

માતા-પિતાની આ દિનચર્યામાં મહેમાનોની સેવા પણ ઉમેરાતી. આમ તો પરંપરાનુસાર મોટાભાગનાં સંબંધીઓ ગામમાં જ રહેતાં. પણ ગામની આવાગમનની દ્રષ્ટિએ ઉચિત પરિસ્થિતિને કારણે અહીંયાં યાત્રિકોનું રાત્રીરોકાણ થતું રહેતું. માતાજી દરેકને માટે ભોજન બનાવતાં. મહેમાનોને ન્હાવાની વ્યવસ્થાના પ્રબંધમાં મોટાભાઈ સાથે બાળક નાગરાજ પણ ઉમંગભેર જોડાતા. બાળક નાગરાજે રાતના બાર વાગ્યે પણ લગભગ ૨૦ અતિથિઓના ન્હાવા, જમવા અને સૂવાની વ્યવસ્થાનો કાર્યક્રમ ચાલતો ઘણી વખત જોયેલો. આખા ગામમાં બે જ પરિવાર આ રીતે યાત્રાળુઓની સેવા કરતાં. પરિવારની અને મહેનાનોની સેવા કરવી બાળક નાગરાજને ગમતી. પરંતુ, હિંદુ ધાર્મિક પરંપરા અંતર્ગત, વર્ણાશ્રમ અનુસાર, મહેમાનોને રોકાવા માટેની વ્યવસ્થા જ્ઞાતિ મુજબ અલગ અલગ કરવામાં આવતી. રોકાવાની વ્યવસ્થા કેટલીક વિશેષ જાતિના લોકો માટે અંદર અને અન્ય જાતિના લોકો માટે બહાર કરવામાં આવતી, જે બાળક નાગરાજને જરાય ગમતું નહિ. ક્યાંક અહીંથી જ તેમનાં મનમાં સંદેહનાં બીજ રોપાયાં હતા.

આમ, અપાર વિદ્વતા, અથાગ શ્રમ તથા નિત્ય સેવાના વાતાવરણમાં નાગરાજજીના જીવનની શરૂઆત થયેલી.

## શિક્ષણ

આજે તો સ્થિતિ એવી છે કે, મા-બાપ બાળકના જન્મ પહેલાંથી જ તેના શિક્ષણની ચિંતા કરવા માંડે છે! મોટી ચિંતા હોય છે કે, ‘બાળક મોટો થઈને કેવી રીતે કમાશે? કઈ નોકરી કરશે? એના પરિવારનું ભરણપોષણ કેવી રીતે કરી શકશે કે નહિ?’ પણ વર્ષ 1925માં તો ભાગ્યે જ કોઈ મા-બાપ આવી ચિંતા કરતાં હશે! બાળક નાગરાજનાં પરિવારજનો શ્રમપૂર્વક ઉત્પાદનથી જીવનજરૂરી વસ્તુઓ મેળવી લેતાં અને મજાથી જીવતાં. તેઓને આશા રહેતી કે આપણાં બાળકો પણ આ રીતે શ્રમપૂર્વક

એમનું પેટ ભરી શકશે. નોકરીને તો તેઓ મહાપાપ માનતાં! સંતાનો થકી આ વૈદિક પરંપરા આગળ વધતી રહે તેવી તેમની અપેક્ષા હતી. વેદોનું અધ્યયન કરવા માટે શિક્ષણની અનિવાર્યતા તેઓ સમજતા હતા.

બાળક નાગરાજ પાંચ વર્ષના થયા કે તરત જ તેમને શાળાએ મોકલવાની તૈયારી શરૂ થઈ. એક નવા વેદમૂર્તિના ઘડતર બાબતે સૌ ઉત્સાહિત હતા. પણ બાળક નાગરાજે તો શાળાએ જવું જ નહોતું! પછી તો પરિવારજનોએ હાથ-પગનો પ્રયોગ કર્યો! બરાબર ધીબાઈને છેવટે તો તેમણે શાળાએ જવું પડ્યું-બળજબરીપૂર્વક! રેતીમાં આંગળી વડે કન્નડ ભાષાના શિક્ષણનો પ્રારંભ થયો. (ઘરમાં 'સંકેતી' બોલી બોલાતી, જે તમિલ અને કન્નડનું મિશ્ર સ્વરૂપ હતી.) અધ્યાપક ઘરમાં જ રહેતા, જેથી ભણવામાંથી કોઈ છૂટકારો નહોતો! હા, સ્વાસ્થ્ય અંગે જે શિક્ષણ મળતું તે બાળક નાગરાજને ગમતું, બાકી શાળામાં જરાય મન નહોતું લાગતું. જેમ જેમ ભણવાનું આગળ વધતું ગયું તેમ તેમ બાળક નાગરાજના મનમાં સજ્જડ બેસતું ગયું કે શાળામાં આપવામાં આવતી માહિતી રોજબરોજનાં જીવનમાં જરાય ઉપયોગી નથી.

બાળક નાગરાજને તો માતાજી સાથે કામ કરવામાં, તેમની પાસેથી આયુર્વેદ અને જ્યોતિષવિદ્યા શીખવામાં, તળાવમાં તરવામાં, ગિલ્લી-દંડો અને સાતોલિયું રમવામાં તેમજ લાકડામાં કોતરણીકામ કરીને માણસોની આકૃતિઓ પણ બનાવતા. તેમનું મનપસંદ કામ હતું ગાયો ચરાવવાનું. એમાં વધારે શ્રમ કરવો પડતો નહિ અને નવરાશનો સમય ઘણો મળતો, જે દરમિયાન તેઓ વાંસળી વગાડતા. આમ તો ગોવાળ ગાયોની પાછળ ચાલતો હોય પણ અહીં તો ગાયો બાળક નાગરાજની પાછળ ચાલતી. જ્યારે તેઓ વૃક્ષ નીચે સૂઈ જતા ત્યારે ગાયો તેમની આસપાસ સૂઈ જતી.

બાળક નાગરાજે જોયું કે તેમની ઉંમર નાની હોવા છતાં અન્ય જાતિના લોકો તેમનો ઘણો જ આદર કરતા. ઘરડાં લોકો પણ તેમને પ્રણામ કરતા, પૂજા કરતા અને કોઈક તો દંડવત પણ થઈ જતા. બાળક નાગરાજ વિચારતા અને માતાજીને પૂછતા,

"મેં એવું તો શું કર્યું છે કે લોકો મારો આટલો આદર કરે છે, મારી પૂજા કરે છે?""

જવાબમાં ફક્ત સ્મિત મળતું. આ વિશે તેઓ હંમેશાં વિચારતા પણ પરંતુ ૧૦-૧૧ વર્ષના થયા પછી આ વિષયે કોઈને પૂછવાનો નિર્ણય કર્યો હતો.

જરા વધારે મોટા થયા તો તેમણે મોટા ભાઈની સાથે રહીને દૂધ દોહતા શીખી લીધું. તેઓ માતાજી સાથે જંગલમાં જતાં અને ઔષધિ તરીકે ઉપયોગી વિવિધ વનસ્પતિઓની જાણકારી મેળવતા, જે તેમને આજીવન યાદ રહેલી. શાળામાં કન્નડ ભાષા લખતા, વાંચતા, બોલતા શીખવાની સાથે ઘરમાં અંગ્રેજી બોલવાનું, હિંદી અને સંસ્કૃત લખવા, વાંચવા અને બોલવાનું પણ શરૂ થયું. પરંપરાનુસાર વેદોનું અધ્યયન પણ શરૂ થયું ત્યારે તેઓ ૭ વર્ષના હતા. કોઈ  બાળક ઘરના જ વેદમૂર્તિ પાસેથી વેદોનું શિક્ષણ ન મેળવે એ પ્રથા મુજબ સુબ્રમણિયમ અવધાની, જે એમના પરિવારનાં ન હતા પણ વેદમૂર્તિ હતા, એ બાળક નાગરાજને વેદોનું અધ્યયન કરાવતા.

## ઉપનયન

બાળક નાગરાજ ૭-૮ વર્ષના હશે. તેમનાં નાના જીજાજીની ઉંમર એ વખતે ૨૦ વર્ષની હશે, જે બહેન રુક્માણામ્માના પતિ (રુક્માણામ્માની ઉંમર એ વખતે લગભગ ૮-૯ વર્ષ હશે). સૂર્યગ્રહણના દિવસે બાળક નાગરાજ જીજાજી સાથે કાવેરી નદીના કિનારે ફરવા ગયા. જીજાજીને સાધના કરવાનું મન થયું. તેઓ આંખો બંધ કરીને બેસી ગયાં અને બાળક નાગરાજ દૂર બેઠા બેઠા તેમને જોતા રહ્યા.

બાળક નાગરાજે જોયું કે એક પ્રબળ ચક્રવાત જીજાજી તરફ ધસી રહ્યો હતો..... જીજાજી તો ધ્યાનમાં ગરકાવ હતા..... તેમને ધ્યાનમાંથી જગાડવા માટે, એ ભયાનક ચક્રવાતથી તેમને બચાવવા માટે બાળક નાગરાજ પૂરી તાકાત લગાવીને દોડ્યા હતા..... બાળક નાગરાજ ત્યાં સુધી પહોંચે તે પહેલાં જ..... જીજાજી ચક્રવાતના ઝપાટામાં આવી ગયા હતા...... કોઈ રમકડાની જેમ જીજાજી ચક્રવાતમાં આમતેમ ફંગોળાઈ રહ્યા હતા...... ઊંચે ઉંચકાયા હતા...... આ જોઈને બાળક નાગરાજ દિગ્મૂઢ થઈ ગયા હતા...... છેવટે... જીજાજી ચક્રવાતમાંથી બહાર ફેંકાયા..... દૂર જઈને પછડાયા..... પણ એ ફક્ત શરીર જ હતું.... નિષ્પ્રાણ શરીર......

બહેન રુક્માણામ્માના લગ્ન વખતે વડીલો અને જ્યોતિષીઓના મુખે બોલાયેલાં શબ્દો બાળક નાગરાજના કાનમાં ગૂંજવા લાગ્યા- "ખૂબ સારો વર છે. ઘણું લાંબુ આયુષ્ય છે વરનું. દીકરી જીવનભર ખુશ રહેશે."

પણ તેમની બહેન બાળવિધવા બની ગઈ હતી. તેઓ દોડતા ઘરે ગયા અને પરિવારજનોને અકસ્માતના સમાચાર આપ્યા. તેઓએ જીજાજીના અંતિમ સંસ્કાર કર્યા. જીજાજીનું આ રીતે અવસાન થતું જોઈને બાળક નાગરાજને ઘણું દુઃખ થયું. તે સમયથી બાળક નાગરાજની જ્યોતિષવિદ્યા પરની આસ્થા સમાપ્ત થઈ ગઈ હતી.

કેટલાક દિવસો પછી બાળક નાગરાજના ઉપનયન સંસ્કાર થયા. એમાં એમને ઘણા ઉપદેશ અપાયા. તેમણે જનોઈ ધારણ કરી અને વિદ્વાનોએ છૂત-અછૂતના નિયમો જણાવ્યા.

એના ફળસ્વરૂપે એક ઘટના બની. દાસપ્પા નામનો એક છોકરો બાળક નાગરાજનો મિત્ર હતો, જે માછીમાર જાતિનો હતો. એક દિવસ રમતાં-રમતાં દાસપ્પાએ બાળક નાગરાજને સ્પર્શ કર્યો અને નાગરાજથી દાસપ્પાને ધક્કો મરાઈ ગયો. વડીલોએ કહેલા છૂત-અછૂતના નિયમોને પરિણામે જ આવું બન્યું હતું. એ ધક્કાથી દાસપ્પા જમીન પર પટકાયો હતો અને માથું અથડાવાથી બેભાન થઈ ગયો હતો. મિત્ર દાસપ્પા પ્રત્યે પેદા થયેલો આ દ્વેષ બાળક નાગરાજને અયોગ્ય લાગ્યો. 'જે પરંપરાથી મિત્ર પ્રત્યેના પ્રેમમાં ભંગાણ પડે એ પરંપરાનું પાલન જરાય યોગ્ય નથી, જનોઈ ધારણ કરવામાં અને એને સંબંધિત છૂત-અછૂતમાં કોઈ જ સાર્થકતા નથી' એમ

વિચારીને બાળક નાગરાજે જનોઈ ઊતારીને ફેંકી દીધી. આ ઘટના ઉપનયન સંસ્કારના માત્ર ૨૦ જ દિવસ પછી બની હતી. એ દિવસ પછી બાળક નાગરાજના મનમાં 'છૂત-અછૂત' ભાવ ક્યારેય આવ્યો જ નહિ.

જ્યારે આવી કોઈ ઘટના બનતી ત્યારે પોતાને અને પરિવારને ગામલોકો તરફથી મળતા સન્માનની ચિંતા બાળક નાગરાજને થઈ આવતી. આ વખતે પણ એ પ્રશ્ન ઊઠ્યો હતો. માતા-પિતાને પૂછવાથી જાણવા મળ્યું કે તેમના પરિવારમાં કેટલીય પેઢીઓથી લોકો સંન્યાસ ધારણ કરતા આવ્યા છે. એમાંના કેટલાક તો સમાધિ માટે ખાડો ખોદાવીને એમાં બેસી જતા અને પછી માટી પૂરાવીને શરીર છોડી દેતા. આ કારણે તેમના આખાય પરિવારને ગામલોકો તરફથી આટલું સન્માન પ્રાપ્ત થતું. બાળક નાગરાજે પ્રશ્ન ઊઠાવ્યો-

"પણ આ રીતે સમાધિમાં બેસી જઈને એ લોકોએ પરંપરા કે સમાજને શું આપ્યું?""

આવાં વિચારો ચાલતા રહ્યા અને બાળક નાગરાજે જેમ-તેમ કરીને ભણવાનું પુરું કર્યું. તેઓ રેતીમાં આંગળીથી લખવાથી શરૂ કરીને પછી લાકડીથી, પછી શાહીથી અને છેવટે પેન વડે કન્નડ લખતાં શીખી ગયા હતા. ગણિતમાં તેઓ સરવાળા-બાદબાકી અને અન્ય કેટલુંક પણ શીખ્યા હતા. પછી શાળાએ જવાનું બંધ કર્યું. પરંતુ, માતા પાસેથી આયુર્વેદનો અને પરિવારજનો પાસેથી હિંદી તથા સંસ્કૃતના વાંચન-લેખનનો તથા અંગ્રેજી બોલવાનો અભ્યાસ ચાલુ રહ્યો. ગાયો ચરાવવી, દૂધ દોહવું અને એવા કેટલાક ઘરકામ તેઓ કરતા રહ્યા.

કિશોર નાગરાજની ઉંમર લગભગ ૧૧ વર્ષ હતી. માતા પાસેથી આયુર્વેદ અને જ્યોતિષનું શિક્ષણ મળ્યું હતું. એક દિવસ માતાએ તેમને શ્રીવિદ્યાની દીક્ષા આપી (પછીથી ગુરુજીની સહમતિ મેળવી હતી). આગમતંત્રની ઉપાસના ત્રણ પ્રકારે કરી શકાય- વિષ્ણુ આગમતંત્ર, શિવ આગમતંત્ર અને શાક્ત આગમતંત્ર. શાક્ત આગમતંત્રમાં શક્તિનાં ત્રણ રૂપોની પૂજા-ઉપાસના થાય છે- બાળા, સુંદરી અને રાજરાજેશ્વરી. બાહ્યન્યાસ અને અંતઃન્યાસ વિધિથી શરીરનાં વિવિધ અંગોમાં

દેવતાઓને સ્થાપિત કરવામાં આવે છે અને તેમની આરાધના કરવામાં આવે છે. આ વિધિથી ક્રિયાશક્તિ, ઈચ્છાશક્તિ અને જ્ઞાનશક્તિ જાગૃત કરવામાં આવે છે. કિશોર નાગરાજ રોજ ૨ થી ૪ કલાક શ્રીવિદ્યાની ઉપાસના કરતા. આમ, ખેતરમાં શ્રમ કરવામાં, ગાયો ચરાવવામાં, માતાજી સાથે દવાઓ બનાવવામાં, શ્રીવિદ્યાની ઉપાસના કરવામાં અને વડીલોની સેવા કરવામાં કિશોર નાગરાજનો દિવસ પસાર થતો.

૧૨ થી ૧૪ વર્ષની ઉંમરે સંગીતમાં રુચિ જાગી. વીણાની અનુમતિ પરિવારમાં હતી. અગ્રહારમાં બે જ સંગીતજ્ઞો જાણીતા હતા- શ્રી કૃષ્ણમૂર્તિ અને શ્રી ચિણપ્પા. શ્રી કૃષ્ણમૂર્તિ વીણાવાદક તેમજ વાંસળીવાદક હતા અને શ્રી ચિણપ્પા ગાયક હતા. શ્રી કૃષ્ણમૂર્તિ પાસેથી તેમણે સંગીત શીખવાનું શરૂ કર્યું. તેમને રાગ તોડી ખૂબ પસંદ હતો. આમ જ, સ્વયંસ્ફૂર્ત વિધિથી તેઓએ સુથાર, લુહાર, કુંભાર અને વણકરનાં કામ શીખવાનાં પણ શરૂ કરી દીધા.

આ સાથે વેદ અને ઉપનિષદનું અધ્યયન તો ચાલતું જ હતું. ઘર, પરિવાર અને મહોલ્લામાં વેદ, વેદાંત અને ઉપનિષદોનો ગુંજારવ નિરંતર રહેતો જ.

## ગુરૂ મિલન

કોઈપણ બાળકને યુવાન ક્યારે માનવો એના માપદંડ રૂપે ગામમાં એક પરંપરા હતી. ગામની બહારના મંદિરમાં એક મોટો પથ્થર મૂકવામાં આવ્યો હતો. પોતાને યુવાન ઘોષિત કરાવવા માંગતા બાળકે એ પથ્થર ઉપાડવાનો રહેતો. આ પરીક્ષામાં પાસ થનાર બાળક યુવાન તરીકે માન્ય ગણવામાં આવતો અને આવો માન્ય યુવાન કોઈ ડૂબતાં કે આગમાં ફસાયેલાને બચાવવા માટે યોગ્ય ગણવામાં આવતો. મોટાભાગનાં બાળકો ૧૮ વર્ષની ઉંમર પછી જ એ કસોટી પાર કરતાં પણ કિશોર નાગરાજે ૧૬ વર્ષની વયે જ એ પથ્થર ઉપાડી લીધો અને યુવાન તરીકે ઘોષિત થઈ ગયા.

પિતાજી યુવાન નાગરાજથી ખુશ નહોતા. હા, તેમનાં શ્રમથી પિતાજી ખુશ હતા પણ તેમના ક્રિયાકલાપો અને વિચારોથી પિતાજીને નાખુશ રહેતા. માતાજી

યુવાન નાગરાજના વિચારોથી તથા સેવાથી ખૂબ જ ખુશ રહેતા. પિતાજી અલગ અલગ પાસાંઓ પર વિચાર કરતા હતા-

‘પુત્ર નાગરાજ બરાબર ભણ્યો નથી, વેદોના અધ્યયનમાં વિશેષ નિષ્ઠા દાખવી નથી અને વેદવાક્યોમાં સંદેહ કરતો રહે છે! પરંપરાગત રિવાજોનું પાલન કરવામાં પણ કોઈ વિશેષ રુચિ નથી દાખવતો.’

યુવાન નાગરાજની ‘સુધારણા’ અંગે પિતાજીએ ઘણું વિચાર્યું. લાંબી વિચારણા પછી તેમણે શ્રી ચંદ્રશેખર ભારતીજીને મળવાનો નિર્ણય લીધો, જેમને આખોય પરિવાર ‘ગુરૂજી’ માનતો. ચંદ્રશેખર ભારતીજીની ઉંમર એ વખતે લગભગ ૪૨ વર્ષ હશે.

ગુરૂજી સાથેની પ્રથમ મુલાકાતમાં યુવા નાગરાજ રડ્યા હતા! પિતાજીએ યુવાન નાગરાજનું માથું પકડીને ગુરૂજીના ચરણોમાં પછાડ્યું હતું અને બોલ્યા હતા-

“વેદાંત અને રીતિ-રિવાજોને આ માનતો જ નથી અને કુતર્ક કર્યે રાખે છે.”

તત્કાલીન સામાજિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખતાં કોઈ વિશેષ વાત નહોતી બની પણ યુવાન નાગરાજના આત્મસન્માનને ઠેસ પહોંચી હતી અને તે રડ્યા હતા. ઘરે આવીને પણ રડતા રહ્યા હતા. પછી માંદા પડી ગયા. આંતરડાનો તાવ આવી ગયો હતો, જે લગભગ ૪૨ દિવસ ચાલ્યો હતો. માતાએ ઉપચાર કર્યો અને ઘણી સેવા કરી, જેથી તેઓ સાજા થયા. પરંતુ, એ તાવ એક નવો વળાંક આપતો ગયો હતો...... જેની યુવાન નાગરાજને પણ જાણ નહોતી.

સાજા થયા પછી યુવાન નાગરાજે પોતાનામાં ઘણાં પરિવર્તનો અનુભવ્યાં. વેદપાઠ વ્યવસ્થિત થવા લાગ્યો, શ્લોક યાદ રહેવા લાગ્યા અને શ્લોકના અર્થ અંગે અનુમાન થવા લાગ્યા. પણ એનાથી તો તકલીફ વધી! હવે તેમને શ્લોકોમાં આંતર્વિરોધ દેખાવા લાગ્યા. જેમ કે,

## ब्रह्म सत्यम्, जगत मिथ्या

'બ્રહ્મથી જ જગત ઉત્પન્ન થયું છે ' અને

'બંધન અને મોક્ષનું કારણ બ્રહ્મ જ છે '

આ ત્રણેય વિધાનોમાં યુવાન નાગરાજ અટવાયા. બધાને પૂછવા લાગ્યા-

"જો બ્રહ્મ સત્ય હોય તો તેમાંથી ઉત્પન્ન થયેલું જગત મિથ્યા કઈ રીતે હોઈ શકે? બંધન અને મોક્ષનું કારણ બ્રહ્મ કઈ રીતે?"

પરિવારજનો આને વિતંડાવાદ કહેતા. યુવાન નાગરાજના પ્રશ્નોથી એ લોકો હેરાન-પરેશાન થવા લાગ્યા.

પરિવારને ઉચ્ચતમ વૈદિક પરંપરાનું સન્માન પ્રાપ્ત થયેલું હતું અને એ કારણે જ ગામલોકો તેમનું સન્માન કરે છે એ યુવાન નાગરાજ જાણતા હતા. યુવાન નાગરાજ બરાબર સમજતા હતા કે એ સન્માન જાળવી રાખવાની જવાબદારી હવે તેમના માથે છે. પરિવારની પ્રતિષ્ઠાને હાનિ ન થવી જોઈએ. પણ પ્રશ્નોના જવાબ મેળવવાની ઉત્કંઠા ઘણી જ તીવ્ર હતી. આવી જ અસ્પષ્ટતાઓ અને 'શ્રમ, સેવા, વેદ-અધ્યયન તથા ઉપાસના'યુક્ત દિનચર્યામાં સમય વીતી રહ્યો હતો.

એ દરમિયાન મોટાભાઈ અનંત નારાયણ શર્મા પરણી ચૂક્યા હતા. તેમણે પોતાના ત્રણ સાળાઓ સાથે મળીને સૈય્યાજીરાવ રોડ, મૈસૂરમાં સીવણનું એક કારખાનું સ્થાપ્યું. યુવાન નાગરાજે ૨ વર્ષ ત્યાં રહીને સીવણ શીખી લીધું હતું.

# વિવાહ

હવે માતા-પિતાએ યુવાન નાગરાજના લગ્નની વાત ચલાવી. અગ્રહારથી ૬૦-૭૦ કિલોમીટર દૂર શ્રવણવેળગોલામાં રહેતાં શ્રી મજૈયા અને તેમના પરિવાર સાથે તેઓની ઓળખાણ હતી. શ્રી મજૈયા સંસ્કૃતના વિદ્વાન હતા અને અધ્યાપનકાર્ય કરતા હતા. એમના પુત્રી સુશ્રી નાગરત્ના લગભગ ૧૫ થી ૧૬ વર્ષનાં હતા. તેમની સાથે યુવાન નાગરાજના લગ્નની વાત ચાલતી હતી.

એ સમયની પોતાની માનસિક સ્થિતિને ધ્યાનમાં રાખતાં યુવાન નાગરાજને લગ્ન જરૂરી ન લાગ્યા. તેઓએ લગ્નનો વિરોધ કર્યો. પરિવારજનો તરફથી વધુ દબાણ આવ્યું! હવે યુવાન નાગરાજ ગુરૂજીને મળવા શ્રૃંગેરી ગયા. કહ્યું-

“મારે લગ્ન નથી કરવાં, જ્ઞાન પ્રાપ્ત કરવું છે. તમે મારા લગ્નની વાત બંધ કરાવો.”

“ભલે!” ગુરૂજીએ કહ્યું- “એક વર્ષ માટે તમારા વિવાહની વાત રોકાવીશ. એ દરમિયાન તમે કાશી જઈને સાધના કરો.”

યુવાન નાગરાજને તો જાણે ખજાનો મળ્યો! તેમણે આ વાત ઘરે જણાવવા શ્રૃંગેરીથી જ એક પત્ર લખ્યો, જેમાં ગુરૂજીની આજ્ઞા લખી જણાવી હતી. એ પત્ર ઘરે મોકલાવીને વીસ વર્ષના યુવાન નાગરાજ સાધના કરવા માટે શ્રૃંગેરીથી કાશી રવાના થયા.

વીસ વર્ષની આયુમાં જ યુવાન નાગરાજ કાશી પહોંચી ગયા. કાશીમાં ક્ષેમેશ્વર ઘાટ પર કેદારગલીમાં યુવાન નાગરાજ રહેવા લાગ્યા. કાશીમાં અનેક અન્નક્ષેત્ર હતાં, જ્યાં વિવિધ પ્રકારે સાધના કરનાર અનેક સાધુ-સંન્યાસીઓ ત્રણેય સમયનું ભોજન લેતા. અન્નક્ષેત્રમાં ભોજન લેવું યોગ્ય ન લાગતાં યુવાન નાગરાજે શ્રમપૂર્વક ઉત્પાદન કરીને પોતાનું ભરણ-પોષણ કરવાનું નક્કી કર્યું. ત્યાં તેમણે સીવણકામ શરૂ કર્યું અને રોજના ૪ થી ૬ રૂપિયા કમાવા લાગ્યા. બાજુની હોટલમાં ૧ રૂપિયામાં

શાકાહારી ભોજન લેતા અને વધેલા રૂપિયા લોકોને વહેંચી દેતા. આમ, રોજ રાત્રે તેઓ રૂપિયાના સંદર્ભે  શૂન્યની સ્થિતિમાં પહોંચી જતા.

પોતાનો મોટાભાગનો સમય તેઓ શાસ્ત્રોના પઠન, ભજન અને ઉપાસનામાં પસાર કરતા. રોજેરોજ રટેલા શ્લોકોના અર્થ જ્યારે વિચારોમાં આવવા લાગ્યા ત્યારે યુવાન નાગરાજ એને સાક્ષાત્કાર માનવા લાગ્યા અને એક સમયે તેમને લાગવા લાગ્યું કે તેમને શિવજીનાં દર્શન થવા લાગ્યાં છે. શિવજીના દર્શનનો આ ભ્રમ લગભગ ૩૦ વર્ષ પછી સાધના દરમિયાન દૂર થયો હતો.

આમ, એક વર્ષ કાશીમાં રહીને તેઓ અગ્રહાર પાછા ફર્યા. માતા-પિતા અને અન્ય પરિવારજનો ઉપરાંત કન્યાપક્ષના લોકો પણ યુવાન નાગરાજની પ્રતીક્ષામાં હતા. યુવા નાગરાજ કાશીએથી પરત આવ્યા કે બધાએ મળીને ૨૨ વર્ષની ઉંમર થતાં સુધીમાં તેમને પરણાવી દીધા. વિવાહ ઉત્સવ ૭ દિવસ સુધી ચાલ્યો હતો.

યુવાન નાગરાજના માતા અને પત્નીને (સાસુ-વહુને) સારું બનતું હતું. એટલે જ યુવાન નાગરાજે માતાની આજ્ઞા અને પત્નીની સલાહ માનીને જીવન જીવવાનું શરૂ કર્યું. પતિ-પત્ની હંમેશાં માતા-પિતા, મોટાભાઈ અને ગુરૂજીની આજ્ઞા પાળતાં અને એટલે જ કોઈપણ મુદ્દે તેમની વચ્ચે વાદ-વિવાદ નહોતો થતો. આ જ દિવસોમાં એક બનાવ બન્યો. બાળવિધવા બહેનના સસરા કોઈ કારણોસર અગ્રહાર આવ્યા હતા. એક ચર્ચા વખતે તેમણે યુવા નાગરાજને આગ્રહ કર્યો કે એ વાતનો જવાબ નાગરાજ એક પત્ર દ્વારા લખી મોકલે. આ વાત સાંભળીને યુવા નાગરાજની બહેને કટાક્ષમાં કહ્યું-

“આ ભાઈની છાતી ફાડીશુંને તો પણ બે અક્ષર સુધ્ધાં નહિ નીકળી શકે!”

યુવા નાગરાજને લાગી આવ્યું. તેઓ હોસપેટ નજીક પંપાપતિ(હમ્પી)માં પથ્થરની એક ગુફામાં એકલા રહેવા લાગ્યા. ભોજન તો કંઈ મળતું નહોતું, ફક્ત નદીનું પાણી પીને ચલાવતા. અહીં તેમણે છંદશાસ્ત્રનો અભ્યાસ શરૂ કર્યો. લગભગ દોઢ મહિનામાં તેઓ છંદોનો મર્મ સમજી ગયા અને છંદોબદ્ધ કવિતા કરવા

માંડ્યા. હવે તેઓ ઘરે પાછા ફર્યાં અને બહેનના સસરાને કવિતાની શૈલીમાં પત્ર લખી મોકલાવ્યો, જેનો કોઈ જવાબ આવ્યો નહોતો.

આ ઘટનાનો પ્રભાવ એ પડ્યો કે યુવા નાગરાજના જીવનમાં કવિતા અને લેખ લખવાનો કાર્યક્રમ શરૂ થયો. અનેક કાર્યક્રમોમાં તેઓ કાવ્યપઠન અને ગાયન કરતા. કેટલીય પત્રિકાઓમાં તેમના લેખ છપાવા લાગ્યા. તેમની કવિતાઓ વાંચી-સાંભળીને લોકો અભિભૂત થઈ જતા.

એક વખત એવું બન્યું કે દેશની સ્વતંત્રતા માટેની એક સભામાં યુવા નાગરાજને કવિ તરીકે બોલાવ્યા. યુવાન નાગરાજ ઉપસ્થિત પણ રહ્યા. એ વખતે અંગ્રેજ સરકાર આ પ્રકારની સભાઓને દેશદ્રોહના કાર્યક્રમ માનતી. કાર્યક્રમને અંતે યુવા નાગરાજ પરિચિત લોકો સાથે બેઠા હતા. અચાનક જ પોલીસે સભામાં બેઠેલા લોક પર ગોળીબાર શરૂ કરી દીધો.... યુવાન નાગરાજ બચી ગયા હતા..... પણ તેમની ડાબી-જમણી બાજુએ બેઠેલા બન્ને વીંધાઈ ચૂક્યા હતા. તેમનાં મૃતદેહ ઘરે પહોંચાડીને યુવા નાગરાજ ઘરે આવ્યા.

આ કાવ્યયાત્રા લગભગ બે વર્ષ સુધી ચાલી. પછી તેની નિરર્થકતા સમજાતાં ‘કવિતા’ને તિલાંજલી આપી દીધી.

લગ્નનાં બે વર્ષ પછી પ્રથમ સંતાન હરિ(નરહરિ)નો જન્મ થયો. સાસુ-સસરાની ઇચ્છાનુસાર હરિને તેમની પાસે મોકલી દેવાયો. હવે યુવા નાગરાજ મદ્રાસ પ્રેસીડેંસીમાં આવેલા વિજયવાડામાં જઈને ઉત્પાદન સંબંધિત કાર્યભાર સંભાળવા લાગ્યા. એમાંથી રૂપિયા પણ કમાવા લાગ્યા. છતાંય, આ કામમાં તેમનું મન લાગ્યું નહિ. વારંવાર એ જ પ્રશ્નો તેમના મનમાં વંટોળની જેમ ઘૂમરાતા-

‘બ્રહ્મ(સત્ય)થી ઉત્પન્ન થયેલું જગત મિથ્યા(અસત્ય) કેમ? બ્રહ્મ જ બંધન અને મોક્ષનું કારણ કેમ? જો આ સમગ્ર બ્રહ્મની જ લીલા છે તો મારા હોવા કે ન હોવાનો શું અર્થ? મારા સ્વત્વનો શું અર્થ? મારા કર્મ કરવાનો શું અર્થ? આ બધો જીવનવ્યાપાર શા માટે?’

આખરે વિજયવાડાનું કામકાજ એક મિત્રને સોંપીને તેઓ અગ્રહાર પરત આવ્યા. હવે, પારિવારિક જીવન જીવતાં જીવતાં પોતાની શંકાઓના સમાધાનને પ્રાથમિકતા આપીને તેના માટે દરેક સંભવ પ્રયત્ન કરવાનો નિર્ણય કર્યો.

## આ પાર કે પેલે પાર

બ્રહ્મ, સત્ય, જગત, અસત્ય, મિથ્યા, બંધન, મોક્ષ, સમાધિ અને સંન્યાસ તથા અન્ય મુદ્દાઓ પર યુવા નાગરાજના મનમાં પ્રશ્નોનું ઘોડાપૂર આવતું. પણ સમાધાનની શરૂઆત બાળપણમાં જાગેલા પ્રશ્નોથી જ કરવાનો નિર્ણય કર્યો. પરિવારજનોને પૂછ્યું-

"આપણને પરંપરા અને પૂર્વજોને કારણે સન્માન મળે છે. આપણા પૂર્વજો સંન્યાસી થઈ ગયા. કેટલાક તો સમાધિ માટે ખાડો ખોદીને એમાં બેસી ગયા અને માટી પૂરાવીને મરી ગયા. એ લોકોએ સમાજને શું આપ્યું?"

આ પ્રશ્નનો જવાબ આપવામાં પરિવારજનોને ખાસ્સી તકલીફ પડી. તેઓએ આપવા ખાતર જવાબ આપ્યો-

"શાસ્ત્રોમાં 'સંન્યાસ' વિશે લખ્યું છે કે એનાથી કલ્યાણ  થાય છે."

યુવા નાગરાજને તો સત્ય સુધી પહોંચવું જ હતું. તેમણે આગળ પૂછ્યું-

"એમના સંન્યાસથી કંઈ કલ્યાણ થયું છે એનું પ્રમાણ શું?"

"વેદાંતને તું બરાબર સમજ્યો નથી." આક્ષેપ થયો.

"વેદાંત બરાબર સમજવા માટે શું કરવું પડશે?"

"શાસ્ત્રોનું પદ્ધતિસર અધ્યયન કરવું પડે."

આ સાંભળીને યુવા નાગરાજ વેદોનું પદ્ધતિસર અધ્યયન કરવા તૈયાર થઈ ગયા. તેમના મામાજીએ શ્રૃંગેરીના શંકરાચાર્ય સહિત અનેક વિદ્વાનોને વેદોનું

અધ્યયન કરાવેલું. એમની પાસેથી જ શાસ્ત્રોને સમજવાનો નિર્ણય લઈને યુવા નાગરાજ ઘર છોડીને મામાજી પાસે ચાલ્યા ગયા અને વેદ-અધ્યયન શરૂ કરી દીધું.

પાંચ વર્ષના અધ્યયન પછી પછી મામાજીએ કહ્યું કે અધ્યયન પૂર્ણ થયું. યુવા નાગરાજના મુખે વેદ ઉચ્ચારણ સાંભળવા લોકોની ભીડ ઊભરાતી. યુવા નાગરાજને વેદના શ્લોકો કંઠસ્થ થઈ ગયા હતા પણ પ્રશ્નો તો ઠેરના ઠેર જ હતા! માતાની હાજરીમાં યુવા નાગરાજે મામાજી સાથે સંવાદ શરૂ કર્યો-

"બંધન અને મોક્ષ શું છે?"

"આપણે માયાવશ બંધનમાં રહીએ છીએ." મામાજી એ જવાબ આપ્યો- "જ્યારે આત્મા બ્રહ્મમાં વિલય પામે છે તે ઘટનાને જ મોક્ષ કહે છે."

"આત્મા આવે છે ક્યાંથી?"

"સ્વયં બ્રહ્મ જ આત્મા રૂપે જીવોના હ્રદયમાં નિવાસ કરે છે."

"દરેક જીવ જન્મ-મરણના ચકરાવામાંથી મુક્તિ મેળવવા માટે નિરંતર પ્રયાસ કરે છે, આત્માને બ્રહ્મમાં વિલય પામવાનું જ છે તો પછી શા માટે બ્રહ્મ આત્મારૂપે જીવના હ્રદયમાં બેસે છે?"

હવે મામાજી અને અન્ય વિદ્વાનો એકમેકની સામે પ્રશ્નસૂચક નજરે જોવા લાગ્યા અને ક્ષોભ અનુભવવા લાગ્યા.

"બ્રહ્મ કેવી રીતે આત્મા બનીને જીવોના હ્રદયમાં બેસે છે? ને જો એને જીવોના હ્રદયમાં જ બેસવું છે તો પછી મોક્ષ કેમ ઈચ્છે છે?"

પાંચ વર્ષની આટલી મહેનત પછી પણ પોતે પોતાના પ્રિય ભાણાની જિજ્ઞાસા તૃપ્ત નથી કરી શક્યા એનું મામાજીને દુઃખ હતું. યુવા નાગરાજનો ઉદ્દેશ્ય કોઈ વાદ-વિવાદ કરવાનો કે શાસ્ત્રાર્થ જીતવાનો કે કોઈને જરાય દુઃખ પહોંચાડવાનો નહોતો. એમને તો બસ પોતાના પ્રશ્નોના જવાબ જોઈતા હતા અને માત્ર એ હેતુથી જ તેઓ પ્રશ્નો કરતા હતા. પ્રશ્નોની શૃંખલા હજી અટકી નહોતી-

"મેં વેદાંત(અદ્વૈત મોક્ષ)માં વાંચ્યું છે કે બ્રહ્મ જ બંધન અને મોક્ષનું કારણ છે. મને સમજાવો કે બ્રહ્મ જ બંધન અને મોક્ષનું કારણ કઈ રીતે છે?"

ઉપસ્થિત વિદ્વાનોમાંના કોઈની પાસે આ પ્રશ્નનો સચોટ જવાબ નહોતો. છતાંય હિંમત એકઠી કરીને તેમણે જવાબ આપ્યો-

"આનું કારણ તો બ્રહ્મજ્ઞાનથી જ સમજી શકાય."

"બ્રહ્મજ્ઞાન શું છે?"

"બ્રહ્મ અવ્યક્ત અને અવર્ણનીય છે. ગૂંગો માણસ ગોળ ખાય તો તે ગોળના સ્વાદ વિશે કંઈ કહી ન શકે એના જેવી વાત છે."

"બોલી કે સમજી ના શકાય એવાં બ્રહ્મજ્ઞાનનું કરવાનું શું?" તર્ક અટક્યા નહિ- "અને બોલતો માણસ પણ ગોળ તો ખાતો જ હોય છે ને!"

"આ જગત તો બ્રહ્મની લીલા છે." વિદ્વાનોએ જૂની, જાણીતી અને અંતિમ દલીલ કરી.

પણ યુવા નાગરાજ એમ ક્યાં અટકવાનાં હતા! તેઓને અંતિમ સત્ય સુધી પહોંચવું જ હતું. વ્યંગાત્મક છટામાં તેઓ બોલ્યા-

"જુઓ, જે લોકો વધારે પડતો દારૂ પી જાય છે એ તો સરસ લીલા કરે છે! ને પાગલ લોકો તો એથીય વધુ સારી લીલા કરે છે! તો શું આ બ્રહ્મ 'પાગલ' કે 'દારૂડિયું' છે?"

વિદ્વાનો સમસમી ગયા. પોતાના મામાજીની પ્રતિષ્ઠાને કારણે યુવા નાગરાજ બ્રહ્મ માટે આવી ભાષા અને આવા તર્ક કરવાના અપરાધ બદલ મળતી શારીરિક કે માનસિક સજામાંથી બચી ગયા.

યુવા નાગરાજના અંતઃકરણમાં સતત વિચાર ચાલતા રહ્યા-

'જ્ઞાનરૂપી સત્ય પરમ પવિત્ર કહેવાતું હોવા છતાં રહસ્યમય કેમ છે? આ રીતે તો જ્ઞાનના આધારે શું નિર્ણય લેવો? મારું કુટુંબ વૈદિક પરંપરાને સમર્પિત છે

અને એમની વિદ્યા પ્રમાણિત થઈ છે પણ એનું પ્રમાણ તો દેખાતું નથી. ‘સંન્યાસ’નો આટલો મહિમા શાસ્ત્રોએ જ તો ગાયો છે. હા, બધા જ વેદાંત, શાસ્ત્ર અને ઉપનિષદ કોઈ એક જ વાસ્તવિકતા તરફ ધ્યાન દોરતાં લાગે છે. પરંતુ, જ્ઞાનનું પ્રમાણ કે સાક્ષી પુસ્તકો નહિ, સ્વયં માનવ જ હોવો જોઈએ.’

ઈશ્વરવાદી કે અધ્યાત્મવાદી પરંપરામાં આસ્થા હોવા છતા નાગરાજનાં મનમાં આ બધા પ્રશ્નોનો પર્વત ખડકાયો હતો. તેમનો હેતુ શાસ્ત્રો કે પરંપરાને ખોટાં સાબિત કરવાનો જરાય નહોતો. પરંપરા અને પરિવારના સન્માનનું તેઓ સતત ધ્યાન રાખતા. ક્યારેક તો તેઓ કંઈક આવું પણ વિચારતા-

“મારી વિચારધારા ખોટી દિશામાં જઈ રહી છે? જો હું સાચું વિચારું છું તો પછી કોઈ યોગ્ય ઉત્તર કેમ નથી મળતો?”

એ સમયના વેદમૂર્તિઓ અને ઉપનિષદ-વેદાંતના જ્ઞાનીઓને એકઠા કરીને તેમની સમક્ષ પોતાના પ્રશ્નો રજૂ કરવાનું નક્કી કર્યું. એમને ભેગા કરવા એ દેડકાં ભેગાં કરવા જેવું કામ હતું! પણ મામાજીની પ્રતિષ્ઠાને કારણે એ કામ થઈ શક્યું. ચર્ચા તો ઘણી ચાલી પણ કોઈ જ સમાધાન મળ્યું નહિ. એક સંવાદ તેમના મનમાં ગૂંજતો રહ્યો-

“આ બધું સમજવા માટે તારે પોતે અનુભવ કરવો પડે.” કોઈકે કહ્યું હતું.

“અનુભવ કેવી રીતે થાય?”

“સમાધિમાં અનુભવ થાય.”

“શેનો અનુભવ થાય?”

“જ્ઞાનનો, બ્રહ્મનો અનુભવ થાય. અજ્ઞાત જ્ઞાત થાય.”

અન્ય ઘણા મહાપુરૂષોએ પણ કંઈક આવી સલાહ આપી-સમાધિમાં અનુભવ થાય. હવે યુવા નાગરાજને સમાધિ ઘણી જ મહત્વપૂર્ણ લાગી અને નિશ્ચય કર્યો કે આ શરીરયાત્રા સમાધિ માટે અર્પિત કરવી જ પડશે.

જીવવા માટે આ બધા પ્રશ્નોના જવાબ મળવા અનિવાર્ય લાગતા હતા. જ્ઞાનપ્રાપ્તિની જિજ્ઞાસા બળવત્તર બનતી જતી હતી. આધ્યાત્મિક પ્રશ્નોની સાથોસાથ દેશની એ સમયની રાજનૈતિક પરિસ્થિતિઓ પણ તેમને નિરાશ કરતી. દેશ અંગ્રેજી શાસનથી સ્વતંત્ર થયો અને રાષ્ટ્રીય સંવિધાનનું નિર્માણ થયું. તેનો પણ અભ્યાસ કર્યો. 'રાષ્ટ્ર કોને કહીશું? રાષ્ટ્રીયતાનું સ્વરૂપ શું? રાષ્ટ્રીય ચરિત્ર કેવું હોવું જોઈએ?' આ પ્રશ્નોના જવાબના કોઈ ઠોસ આધાર સંવિધાનમાં ન મળ્યા. છતાંય જનપ્રતિનિધિ પાત્ર હોવાનું સ્વીકૃત થયું, જેનો આધાર ધન અને મતને માન્યો. સંવિધાનમાં એક તરફ તો ધર્મની નિરપેક્ષતાની વાત થઈ હતી અને બીજી તરફ અનેક જાતિઓ, સંપ્રદાય તથા સમુદાયોનો ઉલ્લેખ હતો. એક તરફ સમાનતાની વાતો હતી તો બીજી તરફ આરક્ષણની. આ તમામ વિસંગતતાઓથી મુક્તિ માટે અને સ્વંયની જિજ્ઞાસાની તૃપ્તિ માટે સમાધીની તૈયારી કરવા લાગ્યા.

એ વખતે એમની ઉંમર લગભગ ૨૭-૨૮ હશે. તેમને જાણ હતી કે જો પરંપરા છોડીને પોતાની ઈચ્છાનું કંઈ કરવું હોય, વિદ્વત સંન્યાસમાં જવું હોય તો પોતાની પત્ની, માતા અને ગુરૂજીની અનુમતિ લેવી જોઈએ. અનુમતિ નહીં મળે એવી આશંકા તો હતી જ પણ અનુમતિ તો લેવી જ રહી, શું કરે? આ બાબતે ગોષ્ઠિની શરૂઆત ધર્મપત્નીથી કરી. પત્ની સમક્ષ પોતાના વિચારો વ્યક્ત કર્યા અને વધુમાં ઉમેર્યું-

"સમાધિ માટે એકાંતવાસ જોઈશે. ફળ-કંદમૂળ ખાવાં પડશે અને જંગલમાં રહેવું પડશે. આ બધું તમારા માટે ખૂબ જ કષ્ટદાયક રહેશે. તમારું ગુજરાન ચાલે એ માટે પર્યાપ્ત ધન છે. તમારા માતા-પિતા વૃદ્ધ થઈ ચૂક્યાં છે. તમે એમની સેવામાં રહો એ ઠીક રહેશે."

"જ્યારે આપણે પરણ્યાં હતાં...." પત્નીએ જવાબ વાળ્યો- "ત્યારે મારા પિતાજીએ દરેક પરિસ્થિતિમાં તમારી સાથે રહીને તમારી સેવા કરવાની પ્રતિજ્ઞા મને લેવડાવી હતી. બોલો, હું તમારી આજ્ઞા પાળું કે મારા પિતાજીની?"

"આપણે ઘોર વનમાં જવું પડશે..." કોઈ તર્કસંગત દલીલ ન મળતાં તેમણે એ જ નિવેદન ચાલુ રાખ્યું- "લાકડાની મોટી બખોલ અથવા તો પથ્થરની ગુફામાં કે પછી કોઈ જીર્ણ ખંડેરમાં રહેવું પડશે. હું કંદમૂળ લેવા જંગલમાં જઈશ અને વાઘ આવીને મને ફાડી ખાશે તો તમે શું કરશો?"

"એમાં આટલી કવિતા કરવાની જરૂર નથી. તમે જંગલમાં હશો તો હું પણ જંગલમાં જ હોઈશ. હવે વાઘ કે કોઈ જાનવર પહેલાં કોને ખાશે એ કઈ રીતે કહી શકાય? જાનવર તો કોઈપણ શરીરને પોતાનો આહાર બનાવી શકે છે. જો એક શરીર જાનવરનો આહાર બનશે તો બીજું પણ ત્યાં જ હશે, એ પણ જાનવરનો આહાર બની જશે. એટલે એ તમારું ગણિત જ ખોટું છે!"

આ જવાબ સાંભળીને નાગરાજ તો દંગ રહી ગયા હતા!

ધર્મપત્ની સાથે વાર્તાલાપ કર્યા પછી નાગરાજે સમાધિ હેતુ જંગલમાં જવાની મંજૂરી અંગે પોતાનાં પૂજનીય માતૃશ્રીને વિનયપૂર્વક પ્રાર્થના કરી. માતા પહેલેથી જ તેમના માટે ગુરૂ સમાન હતા. માતા પાસેથી જ તેઓ 'શ્રીવિદ્યા ઉપાસના'ની દીક્ષા, આયુર્વેદ અને જ્યોતિષનું શિક્ષણ પામ્યા હતા. માતા પાસેથી આજ્ઞા માંગી તો હરખભેર જવાબ મળ્યો-

"તું સ્વવિવેકથી જે નિર્ણય લઈશ એનાથી વધુ સારો નિર્ણય તારા માટે કોઈ બીજું નહિં લઈ શકે. મારા આશીર્વાદ છે કે તું જે પ્રયત્ન કરીશ એ સદાને માટે શુભ રહેશે, તું એમાં સફળ થઈશ."

માતાના આશીર્વાદ લીધા બાદ ગુરૂજીની અનુમતિનો વિચાર કર્યો. શ્રૃંગેરી પહોંચીને ગુરૂજી (શ્રૃંગેરી મઠના શંકરાચાર્ય શ્રી ચંદ્રશેખર ભારતીજી) ની સમક્ષ ઉપસ્થિત થયા. ગુરૂજી તો ધ્યાનમાં નિમગ્ન હતા. જિજ્ઞાસુ નાગરાજે ઘણી રાહ જોઈ અને પછી રાત્રિના રોકાણ સ્થળે જતા રહ્યા. બીજા દિવસે પણ એવું જ બન્યું. ત્રીજા

દિવસે ગુરૂજીએ આંખો ખોલી. જિજ્ઞાસુ નાગરાજે અનુમતિની પ્રાર્થના કરી. ગુરૂજીએ આશીર્વાદ આપ્યા-

"તમારો સંકલ્પ બરાબર છે. તમે સફળ થશો. નર્મદાના કિનારે સાધના કરો."

જિજ્ઞાસુ નાગરાજ તો જાણે ઝૂમી ઊઠ્યા! ગુરૂજીને પ્રણામ કરીને પરત આવ્યા. ગુરૂજીના આશીર્વાદ તો મળ્યા જ અને સાથે સાધનાનું સ્થળ પણ નક્કી થઈ ગયું. પરંતુ, અમુક સમય પછી ધ્યાનમાં આવ્યું કે સાધનાનું સ્થળ નક્કી નથી થયું. કેમ કે નર્મદાનો કિનારો અમરકંટકથી શરૂ થઈને અરબ સમુદ્ર સુધી લગભગ ૨૦૦૦ કિલોમીટર લાંબો છે! આ ૨૦૦૦ કિલોમીટર લાંબા કિનારા પર સાધના કરવા ચોક્કસ કયા સ્થળે જવું? આ બાબતે સ્પષ્ટીકરણ કરવા ગુરૂજી પાસે તો પાછા જવાય નહિ. ગુરૂજી તો ફરી ધ્યાનમાં નિમગ્ન થઈ ગયા હશે. સ્વ-વિવેકથી જ નર્મદાના આરંભ સ્થળે-અમરકંટક જઈને સાધના કરવાનું નક્કી કર્યું.

માતાજી અને ગુરૂજીની આજ્ઞા મળ્યા બાદ જિજ્ઞાસુ નાગરાજે પોતાના પૂજ્ય પિતાજી સમક્ષ આ પ્રસ્તાવ મૂક્યો. પિતાજી બોલ્યા-

"તું વેદ અને અધ્યાત્મમાં માને છે. અમે જીવીએ ત્યાં સુધી તારા જપ-તપ, યજ્ઞ અને સમાધિ અમારી સેવા જ છે. વેદ-વિચારના સંદર્ભમાં એનું પાલન કરવું એ જ તારો ધર્મ છે."

પિતાજીની આજ્ઞાનું પાલન તો કરવાનું જ હતું. યોગ્ય સમયે સમાધિ માટે નીકળવાનું જિજ્ઞાસુ નાગરાજે નક્કી કર્યું. દરમિયાન સસરાનો મત લેવો યોગ્ય માન્યો. સસરાએ કહ્યું-

"૬૦ વર્ષની ઉંમર પછી વાનપ્રસ્થમાં જવાય."

"તમારી વય કેટલી થઈ છે?"

"૬૨ વર્ષ."

"તો..." જિજ્ઞાસુ નાગરાજે ધીરેથી પૂછ્યું-"તમે અહીં શું કરો છો?"

સસરા નિરુત્તર થઈ ગયા!

બધાના પરામર્શના ફળસ્વરૂપે સમાધિ માટે અમરકંટક જવાની યોજના શરૂ કરી. પિતાજીનાં વચનને ધ્યાનમાં રાખીને પોતાના બધા કાર્યક્રમો, લેવડ-દેવડ વગેરે પૂરું કરવામાં લાગી ગયા. યોજના અંતર્ગત, સાધના વખતે પત્ની અને બાળકોના ભરણપોષણ માટે, પોતાની સંપત્તિ વેચીને ધન એકઠું કર્યું. એક મિત્ર, જે નિઃસંતાન હતો તે પાછું આપવાની શરતે એ ધન ઊછીનું લઈ ગયો....... લઈ ગયો એ લઈ ગયો! અમરકંટક જવાની યોજના નિષ્ફળ જતી જોઈને નાગરાજ ચિંતિત થયા. પણ પત્નીએ કહ્યું-

"રૂપિયાની આટલી ચિંતા હતી તો સંપત્તિ વેચી જ શું કામ? સાધના કરવા જવું છે ને? હું તમારી સાથે જ છું. હું અને બાળકો પણ કંદમૂળ ખાઈને ચલાવી લઈશું."

આ સાંભળીને નાગરાજને સધિયારો મળ્યો. પછી કેટલાક દિવસોમાં જ, લગભગ ૧૯૪૭ના અંતમાં, માતૃશ્રીનું શરીર શાંત થઈ ગયું. એના એકાદ મહિનામાં જ પિતાજીનું શરીર શાંત થયું. પરિવારની પરંપરાનુસાર મરણોપરાંત કરવામાં આવતાં કર્મોની શિષ્ટતાનો નિર્વાહ એક વર્ષ ચાલ્યો.

આખરે, ડિસેમ્બરનાં અંતિમ દિવસોમાં નાગરાજ પત્ની અને એક વર્ષની પુત્રી સાથે અગ્રહાર છોડીને, મદ્રાસ (ચેન્નાઈ) - વિશાખાપટ્ટનમ – વિલાસપુર –પેંડ્રા રોડ થઈને અમરકંટક પહોંચ્યા. પછી આ શરીરયાત્રામાં એક કે બે વખત જ અગ્રહાર આવવાનું થયું હતું.

## અમરકંટક

તીર્થસ્થાનોએ જઈને પુણ્ય મેળવવાની ખૂબ જૂની પરંપરા ભારતવર્ષમાં છે. મધ્યપ્રદેશના અનૂપપુર જિલ્લામાં, મૈકલ પર્વતરાશિમાં આવેલું અમરકંટક એક પ્રચલિત તીર્થસ્થાન છે. અહીંથી નર્મદા ઉદ્‌ભવે છે. નર્મદા ભારતની હંમેશાં જળસભર રહેતી નદીઓમાંની એક છે. જેમ ઉત્તર ભારતમાં ગંગા પવિત્ર અને પૂજનીય મનાય છે તેમ મધ્ય ભારતમાં નર્મદા સન્માનનીય છે.

આજે તો અમરકંટક દેશનાં અગ્રગણ્ય પર્યટન-સ્થળોની હરોળમાં સ્થાન પામવાની તૈયારીમાં છે. અહીંની જનસંખ્યા ૧૦,૦૦૦ સુધી પહોંચી ગઈ છે. પર્વતોથી ઘેરાયલા અને જંગલમાં સ્થિત આ સ્થળે યાત્રિકોને રોકાવા માટે ઉત્તમ હોટેલ્સની સુવિધા છે. અહીં સરકાર દ્વારા ઘણાં રમણીય અને પ્રાકૃતિક સ્થળો વિકાસ પામ્યાં છે. અહીં પહોંચવા માટે વિવિધ સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. પેંડ્રા રોડથી જીપ અથવા કાર થકી અમરકંટક પહોંચી શકાય છે. જબલપુર, શહડોલ તરફથી બસ દ્વારા આવી શકાય છે. નર્મદા-ઉદ્‌ગમમાં સ્નાન કરવા લાખો પર્યટકો દર વર્ષે આવે છે.

પરંતુ, આજથી લગભગ ૬૫ વર્ષ પહેલાં અમરકંટક એક નાનું ગામડું હતું, જેની જનસંખ્યા ૧૫૦ આસપાસ હશે. એ વખતે અમરકંટક પહોંચવા માટે આધુનિક સાધનો નહોતાં. પેંડ્રા રોડથી(અહીંથી અમરકંટક ૩૦-૩૫ કિલોમીટર દૂર છે) દરેક વસ્તુ ઘોડા દ્વારા અમરકંટક આવતી.

પેંડ્રા રોડ સ્ટેશન સુધી જિજ્ઞાસુ નાગરાજ આવી ગયા હતા. તેઓ પત્ની, તેઓની એક વર્ષની પુત્રી અને ઘોડા પર લદાયેલા સામાનના પોટલાં સાથે વાઘયુક્ત ઘનઘોર જંગલમાં ૩૦-૩૫ કિલોમીટર ચાલીને ૩૧મી ડિસેમ્બર, ૧૯૪૯ની રાત્રે ૮ વાગ્યે અમરકંટક પહોંચેલા. ‘રામબાઈ ધર્મશાળા’માં તેઓ રાત રોકાયા.

૧લી જાન્યુઆરી, ૧૯૫૦ ની સવારે સૂર્યનાં દર્શન થયાં. એ દિવસોમાં અમરકંટકમાં ખૂબ જ ઠંડી પડતી હતી. વહેલી સવારે તો ધુમ્મસ અને ઝાકળ એવા છવાયેલાં હોય કે જાણે ધરતીએ સફેદ ચાદર ઓઢી ન હોય! પ્રભાતે જ તેઓ નર્મદા

મંદિરે ગયા અને નર્મદાકુંડમાં સ્નાન કર્યું. જરા રાહતની અનુભૂતિ થઈ. સાથે જ પોતાના લક્ષ્યની, આગળની યાત્રાનો પણ વિચાર આવ્યો.

શરૂઆતમાં તો અહીંના લોકો તેમને 'મદ્રાસી સાધુ' કહેતાં. થોડાં દિવસો સુધી તેમના વ્યવહાર અને કાર્યને નિહાળ્યા પછી 'મહારાજ' કહીને બોલાવવાનું શરૂ કર્યું. મહારાજ નાગરાજ વિચારવા લાગ્યા-

'અમરકંટક નિર્જન વન હશે એમ માનીને હું અહીં આવ્યો હતો. અહીં પણ કેટલાક લોકો તો નિવાસ કરે જ છે. તો શું મારે અધિક નિર્જન વન તરફ જવું પડશે કે અહીં જ સાધના થઈ શકશે?"

આ વિચારો સાથે તેમણે અહીંના લોકોની રહેણીકરણી, બોલચાલ અને વિચાર-વ્યવહાર પર ધ્યાન આપવાનું શરૂ કર્યું. તેમણે જોયું કે મોટાભાગના પ્રૌઢ લોકો સવારે નર્મદામાં સ્નાન કરે છે. પછી ઘરે જઈને ચા-નાસ્તો પતાવીને બીડી પીવે છે કે તમાકુનું સેવન કરે છે અને ગંજીપો કે ચોપાટ રમવા બેસી જાય છે. કોઈ તો ગાંજા કે ભાંગનું સેવન પણ કરે છે. મહારાજ નાગરાજ માટે આ અત્યંત વિચિત્ર હતું. તેમણે વિચાર્યું-

"આ વૃદ્ધો સાથે હું રહીશ તો તેઓ મને પણ તેમની પ્રવૃતિમાં જોડાવાનો આગ્રહ કરશે. હું તેમની સાથે જોડાવાની ના પાડીશ તો તેઓ મને 'કજાત' માણસ માનશે અને જો હું તેમની સાથે જોડાઈશ.... તો તો સાધના થઈ રહી! હવે શું કરું? અહીં જ રહું કે અહીંથી ભાગી નીકળું?"

૩૦ વર્ષીય મહારાજ નાગરાજે સ્વયંને ગંભીર દ્વિધામાં જોયા. તેમની સ્થિતિ સૂડી વચ્ચે સોપારી જેવી હતી. આ માનસિક ઉથલ-પાથલ વચ્ચે તેઓ સ્થાનીય આદિવાસીઓ સાથે એક મહિનો ફર્યા. જંગલમાં થનારી ઘણી બધી જડીબુટ્ટીઓ, ઔષધિઓ અને કંદમૂળ તેમણે ઓળખી કાઢ્યાં અને જે અજાણ્યા હતા તેમનાં વિશે સ્થાનીય લોકો સાથે વાતચીત કરીને જાણી લીધું. એ દિવસોમાં નર્મદાને કિનારે બ્રાહ્મી ખૂબ થતી હતી, જેના ગુણ વિશે તેમણે આયુર્વેદમાં વાંચેલું. આમ, મહારાજ નાગરાજ

એ નિષ્કર્ષ પર પહોંચ્યા કે અમરકંટકમાં કંદમૂળ ખાઈને જીવતા રહી શકાશે. પણ આ લોકો સાથે કેવી રીતે રહેવું? હંમેશની જેમ આ સંકટ પણ તેઓએ પત્ની સમક્ષ રજૂ કર્યું. પત્નીએ સલાહ આપી-

" એ લોકોને કારણે તમે કેમ હેરાન થાઓ છો? એમને એમની રીતે જીવવા દો અને તમે તમારું જીવન જીવો, સાધના કરો. તમે સવારથી સાંજ સુધી સાધના કરો. તમે કોઈની પાસે જશો નહિ, કોઈ તમારી પાસે નહિં આવે."

આ સાંભળીને મહારાજ નાગરાજ પ્રસન્ન થયા.

અમરકંટકના નિવાસીઓ સાથે તાલમેલ થયો તો એક નવું સંકટ આવી પહોંચ્યું. વર્ષ ૧૯૫૦માં પાકા રસ્તાઓ, મોબાઈલ ફોન, ટી.વી. જેવું કશું જ અમરકંટકમાં ન હોવાં છતાંય દૂર દૂર સુધી એ વાત ફેલાઈ ગઈ કે એક 'મદ્રાસી સાધુ' ગૃહસ્થ હોવા છતાં સમાધિનો પ્રયત્ન કરી રહ્યા છે.

એ દિવસોમાં અમરકંટક ગંભીર સાધનાસ્થળ મનાતું. અનેક સાધુ-સાધકો આ અસ્તિત્વના મર્મને સમજવાના પ્રયાસમાં લાગેલા રહેતા. 'મદ્રાસી સાધુના સમાચાર'ને ઘણાંએ હસી નાંખ્યા તો ઘણાંના અહંકાર પર ફટકો પડ્યો- 'સંસારનાં સુખ અને સુવિધાઓનો ત્યાગ કરીને વર્ષોથી પ્રયત્નશીલ રહેવા છતાં પોતાને જે ઉપલબ્ધ નથી થયું એ પામવાની એક ગૃહસ્થ, સુખ-સુવિધા ભોગવનારો એક સંસારી મનુષ્ય કલ્પના પણ કઈ રીતે કરી શકે!'

કોઈકે એમને અવળા રસ્તે ચડાવી દીધા હશે એમ માનીને એક સાધુ હલ્દ્વાનીથી ચાલીને અમરકંટક આવ્યા- મહારાજ નાગરાજને સમય ન વેડફવાની સલાહ આપવા. તેમણે કહ્યું-

"જુઓ, આ રીતે પોતાને, પત્નીને અને નાનાં બાળકોને કષ્ટ આપવાથી કંઈ પ્રાપ્ત નહિં થાય. શાસ્ત્રોમાં સ્પષ્ટ લખ્યું છે કે ગૃહસ્થ વ્યક્તિને સમાધિ પ્રાપ્ત ન થાય. આ રીતે જીવન વેડફવામાં કોઈ ઔચિત્ય છે?"

"મેં મારૂ જીવન મારી જિજ્ઞાસાઓના જવાબ મેળવવા માટે લગાવવાનું નક્કી કર્યું છે." મહારાજ નાગરાજે વિનમ્રતાથી કહ્યું- "પ્રશ્નોના જવાબ મેળવ્યા વિના જીવન જીવવાનો કોઈ જ અર્થ મને નથી દેખાતો. મારા આ સંકલ્પમાં પત્ની અને સંતાનો સાથે જ છે."

"પણ આમ વ્યર્થ પ્રયત્નો કરવાનો શું ફાયદો?" સાધુએ પ્રશ્ન કર્યો.

"મને વિદ્વાનો અને મારા ગુરૂજનોએ આશ્વાસન આપ્યું છે કે સમાધિમાં મને જ્ઞાન પ્રાપ્ત થશે, જેના ફળસ્વરૂપે મારી જિજ્ઞાસાઓ સંતોષાશે." મહારાજ નાગરાજે વિશ્વાસપૂર્વક કહ્યું- "તો, સમાધિના પ્રયત્ન સિવાય મારી પાસે બીજો કોઈ વિકલ્પ જ નથી. પછી ભલે ને આ પ્રયાસમાં આ જીવનની આહુતિ આપવી પડે."

મહારાજ નાગરાજની દ્રઢ નિષ્ઠા જોઈને પેલા સાધુ પાછા જતા રહ્યા.

## <u>સાધના</u>

આમ, બધા પાસાંઓ પર ગહન વિચાર કરીને, અનેક બાબતોની ચકાસણી કરીને, સ્વ-વિવેકથી નિર્ણય કર્યો કે આરંભિક સ્થિતિમાં સવારના ૬ થી સાંજના ૬ સુધી સાધના કરવી. હવે ગામલોકોની સ્વીકૃતિથી એમનું રહેવાનું 'રામબાઈ ધર્મશાળા'માં ગોઠવાયું. સાધનાના સ્થળની બાજુમાં એક જૂનું મકાન હતું, જે 'કાઠબંગલા' નામે ઓળખાતું.

દેશભરમાં શિવરાત્રિનો તહેવાર ઉજવાતો હતો અને ત્યારે અહીં મહારાજ નાગરાજની સાધનાનો પ્રથમ દિવસ હતો. સાધના શરૂ કરી કે તરત જ દરવાજામાં એક સાપ દેખાયો. સફેદ રંગનો એ સાપ મહારાજ નાગરાજથી છ-સાત ફૂટ

દૂર હતો. તે દરવાજામાંથી દોઢેક ફૂટ અંદર આવ્યો. લગભગ ૧૫-૨૦ મિનિટ સુધી ફેણ ચડાવીને બેસી રહ્યો અને પછી બહાર નીકળી ગયો. મહારાજ નાગરાજને અનુભૂતિ થઈ કે ઓરડો અનેક પ્રકારની સુવાસથી મહેકી ઊઠ્યો હતો. મહારાજ નાગરાજ ચમત્કારને નમસ્કાર કરવાને તો બાળપણથી તિલાંજલી આપી ચૂક્યા હતા! આ ઘટના વિશે વધારે વિચાર્યા વિના, તેને એક શુભ સંકેત માનીને, સાધના શરૂ કરી.

માતા દ્વારા પ્રદાન થયેલી અને ગુરૂજી દ્વારા સમર્થિત થયેલી શ્રીવિદ્યા ઉપાસના વિધિથી સાધના નિરંતર ચાલતી રહી. સમય જતાં અહીંના લોકો તેમને પોતાના પરિવારના સભ્ય માનવા લાગ્યા હતા. છતાં પણ કંદમૂળ ખાતી વખતે અને પત્નીની આવશ્યકતાઓની પૂર્તિ હેતુ લોકોને રૂપિયા ન આપી શકાય એ વખતે મહારાજ નાગરાજ રંજ અનુભવતા. રૂપિયાના અભાવે દોઢ-બે વર્ષ તેઓ સાધનામાં મન ન લગાવી શક્યા. રૂપિયા લઈને ભાગી ગયેલો મિત્ર તેમને વારંવાર યાદ આવતો. એ સ્મરણ તેમને વિચલિત કરી મૂકતું. આ સ્થિતિમાં પણ પત્નીની વાતોએ તેમનો ઉત્સાહ વધાર્યો, કહ્યું-

“રૂપિયાની આટલી ચિંતા હતી તો સાધના કરવા આવ્યા જ કેમ? તમતમારે સાધના કરો, બાકી બધું હું સંભાળી લઈશ.”

પત્ની સાથે થયેલા આ સંવાદનું સ્મરણ કરતાં અને એ સન્માનજનક સંબંધને ઓળખતા મહારાજ નાગરાજે સ્વયંને અત્યાધિક સૌભાગ્યશાળી માન્યા તથા પોતાના પત્નીને વરદાનરૂપ સ્વીકાર્યા. તેઓ જોઈ શક્યા કે પાછળના આઠ વર્ષોમાં, લગ્નથી લઈને અમરકંટક આવવા સુધી, તેઓ તેમના પત્નીના વાલી હતા, પણ હવે એમના પત્ની એમના વાલીની ભૂમિકામાં પ્રસ્તુત થઈ રહ્યા છે.

આ ભૂમિકા એમના પત્નીએ સાધનાકાળથી માંડીને જીવનની અંતિમ ક્ષણ સુધી નિભાવી હતી. આ પ્રસંગ પછીથી તેઓએ પોતાનાં પત્નીને ‘મહાત્મા’ કહીને સંબોધવાનું શરૂ કર્યું. (આજે, ૨૫/૦૨/૨૦૧૪ની સવારે જ્યારે આ વાત નીકળી ત્યારે આદરણીય બાબાજીએ કહ્યું, ‘મારી સાધનાનાં પ્રથમ ૩૦ વર્ષ સુધી મારાં માતૃશ્રી, પછી પત્ની અને હવે દીકરી સુ.શ્રી અમ્બાજીનું અતિ મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે.’)

કેટલાક દિવસો પછી દીકરીનું અવસાન થઈ ગયું. એ વખતે મહારાજ નાગરાજની માનસિકતા આસ્થાપ્રધાન હતી. તેઓએ દીકરીના અવસાનને નિયતિ માનીને સ્વીકારી લીધું હતું.

આ રીતે ડગમગ થતી પરિસ્થિતિઓ વચ્ચે પણ સાધના ચાલતી રહી. અહીં આવ્યાને દોઢેક વર્ષ થયાં પછી એક દિવસ ગામલોકો મહારાજ નાગરાજ પાસે આવ્યા અને બોલ્યા-

“તમે આમ કંદમૂળ ખાઓ છો એ અમારાથી નથી સહેવાતું. હવેથી અમે તમને જમાડીશું.”

“તમે લોકો મારી સાધનામાં અડચણ બનશો તો હું અહીંથી ચાલ્યો જઈશ.”

હવે ગામલોકોને મહારાજ નાગરાજ અને પરિવારની નિષ્ઠા પર વિશ્વાસ થઈ ગયો હતો. તેઓ નહોતા ઇચ્છતા કે મહારાજ નાગરાજ અમરકંટક છોડે. એટલે ગામલોકોએ મળીને જંગલમાં જમીનનો એક ભાગ એમના માટે નક્કી કર્યો. શરૂઆતમાં તો એ લોકોએ જ ખેતર ખેડ્યું, વાવણી કરી, કાપણી કરી અને અનાજ મહારાજ નાગરાજનાં ઘરમાં મૂકી દીધું. એમાંથી જ કેટલુંક વાવીને મહારાજ નાગરાજે ઉપજ વધારી. ન તો રૂપિયા લાવ્યા કે ન ખર્ચ્યા, ત્યાં જ ઊગાડ્યું અને ત્યાં જ વાવ્યું.

ત્યારે પણ મોટાભાગે તો ફળ અને કંદમૂળ જ ખાતા. સંતાનો થયા પછી પણ આ ક્રમ ચાલતો જ રહ્યો. ત્રણેય સંતાનો (મોટા દીકરાનું નામ માર્કંડેય, દીકરીનું નામ શારદાઅમ્બા અને નાના દીકરાનું નામ લક્ષ્મીપ્રસાદ) સાથે જંગલમાં જતાં અને વિવિધ ફળ તથા કંદમૂળ તોડી લાવતાં, જેને હિંદીમાં ગુલર, વટ, કરૌંદે, સફેદ મૂસલી અને મલાઈકંદ કહે છે. ઘરમાં જાતજાતનાં ભોજન નહોતાં બનતાં, ભાત બનતા અથવા તો ફક્ત રોટલી બનતી. ઘરમાં વાસણો ૨-૪ જ હતા. એટલે મોટભાગે તો બધા એક જ થાળીમાં જમી લેતાં.

જેમણે સાધનાનો જરાક પણ પ્રયત્ન કર્યો હશે અથવા એના વિશે જરા જાણ્યું હશે એને અંદાજ હશે કે એ કેટલું કપરું કામ છે. મહારાજ નાગરાજે એક પ્રેરણાવશ

સૂર્ય ત્રાટક કરવાનો નિશ્ચય કર્યો. સતત ચાર દિવસ સુધી, સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી, સૂર્ય સામે એકધારું જોઈ જ રહ્યા.... આંખોની દુર્દશા નોંતરી લીધી.. એવું લાગવા માંડ્યું હતું કે હવે બાકીનું જીવન અંધાપામાં જ વ્યતીત થશે. પણ સંયોગવશ બન્યું એવું કે એ જ વખતે એક વ્યક્તિએ મહારાજ નાગરાજને ઘી, દૂધ, દહીં અને એક છાબડી ભરીને ગુલબકાવલી ફૂલની ભેટ આપી. એ વ્યક્તિની પત્નીને એક અસાધ્ય બીમારીમાંથી મહારાજ નાગરાજે ઉગારી હતી. એટલે ખુશ થઈને એ વ્યક્તિએ આ ભેટ મહારાજ નાગરાજને ધરી હતી. માતાજી પાસેથી પ્રાપ્ત કરેલ આયુર્વેદશિક્ષણમાં ફૂલોના રસ કાઢવાનું અને આંખો માટે એનો ઉપયોગ કરવાનું, મહારાજ નાગરાજને યાદ હતું. ગુલબકાવલી ફૂલનો પ્રયોગ સફળ રહ્યો અને આંખો ફરીથી સ્વસ્થ થઈ ગઈ.

ધ્યાન કરતી વખતે ઊંઘ આવવા લાગતી તો અમરકંટકની ઠંડીમાં પણ બરફયુક્ત પાણીથી ભરેલા મોટા પાત્રમાં ઊભા રહીને સાધના કરતા. પેશાબ કે શૌચ ગયા પછી પણ સ્નાન કરવું પડતું. તેઓ દિવસમાં ઘણી વખત સ્નાન કરતા.

લક્ષ્ય પ્રત્યેની તેમની નિષ્ઠાની પરાકાષ્ઠા તો ત્યારે દેખાઈ જ્યારે ધ્યાનમાં સતત બેસી રહેવાને કારણે પગ સૂજી ગયા અને પીડા થવા લાગી. તેમણે વિચાર્યું-

‘જો આ પીડા દૂર ન થઈ તો શરીર છોડી દઈશ. સાધનામાં સાથ ન આપે એવું શરીર શું કામનું?’

સાધનાનાં મજબૂત સંકલ્પ અને ઘરેલુ ઉપચારોને કારણે એ પીડા નષ્ટ થઈ શકી અને સાધના આગળ વધવા લાગી. ત્રણેય સંતાનોનાં પાલન-પોષણ, ભણતર , અને ખેતીમાં પત્નીનો સહયોગ તો તેઓ કરતા જ હતા. સાધના પણ નિરંતર ચાલતી હતી. તેઓ બાળકોને રમાડતા, ખેતરે લઈ જતા, ખેતરમાં કામ કરતા અને ૧૨ કલાક સાધના પણ કરતા. પત્ની દ્વારા ઘરની સારસંભાળ, ગાયોની સેવા, ઘરના ખર્ચા અને પતિની સેવા થતી.

# સમાધિ

શાસ્ત્રોમાં આગમતંત્ર ઉપાસનાથી ત્રણ શક્તિઓ જાગૃત થવાનું વર્ણન છે- ક્રિયાશક્તિ, ઇચ્છાશક્તિ અને જ્ઞાનશક્તિ. પણ આ શક્તિઓના જાગરણ થવાથી શું થાય એની મહારાજ નાગરાજને કોઈ સ્પષ્ટ સૂચના નહોતી. તેમને હતી તો બસ, ગુરૂતુલ્ય માતાજી અને ગુરૂજી દ્વારા પ્રદાન થયેલી સાધનાવિધિમાં ઊંડી આસ્થા.

સાધનાના પ્રથમ ચરણમાં પૂજા-પાઠ અને પ્રાર્થનાની વિધિ મુખ્ય હતી, જે લગભગ ૫ વર્ષ સુધી ચાલી. હવે મહારાજ નાગરાજનું મન સાધનામાં બરાબર લાગવા માંડ્યું હતું. દ્વિતીય ચરણમાં ધ્યાનવિધિ મુખ્ય રહી. સાથે પૂજા-પાઠ અને અર્ચના-પ્રાર્થનાની વિધિ તો ચાલતી જ હતી. એમાં પરિપક્વ થતાં ૫ વર્ષ થઈ ગયાં અને પછી પૂજા-પાઠ ધીરે-ધીરે ઓછાં થતાં ગયાં. તેની જગ્યાએ ધ્યાન સતત ૧૨ કલાક સુધી ચાલતું. પછીનાં ૫ વર્ષોમાં ધ્યાનની સ્થિતિનો સમયગાળો ૧૨ કલાકથી વધીને ૧૮ કલાક થઈ ગયો. પૂજા-પાઠ અને પ્રાર્થના-અર્ચનાની હવે જરૂર નહોતી. આગળનાં ૫ વર્ષોમાં ધ્યાન સમાધિમાં વિલય પામવા લાગ્યું. ૨૦ વર્ષ થતાં સુધીમાં ૧૨ થી ૧૮ કલાક સમાધિની સ્થિતિ બનવા લાગી. સમાધિસંપન્ન હોવાનું ભાન સમાધિ પછી શરીરચેતના અને ચાલવા-ફરવાની ક્રિયાઓથી થતું. સમાધિમાં શરીરની સંવેદનાઓનું ભાન નહોતું રહેતું, સ્થળ અને સમયનું ભાન પણ નહોતું રહેતું. સમાધિનું સ્મરણ જ બનેલું રહેતું.

એક વખત એવું થયું કે સમાધિ દરમિયાન વાવાઝોડું આવ્યું. ઓરડાનો દરવાજો માત્ર દીવાલોના ટેકે ઊભો હતો. વાવાઝોડાના કારણે દરવાજો પડ્યો. મહારાજ નાગરાજ તો સમાધિસ્થ હતા. દરવાજો તેમના પર પછડાયો. દરવાજાની તૂટેલી બારસાખનો અણીદાર ભાગ તેમની કમરમાં ઘૂસી ગયો. લોહી વહેવા લાગ્યું. મહારાજ નાગરાજ તો હજી પણ સમાધિમાં લીન હતા. સમાધિ પછી શરીરનો ખ્યાલ આવ્યા બાદ જ એમણે કમરમાં વેદના અનુભવી. પછી તેનો ઉપચાર કર્યો.

સમાધિ વિશેનો પોતાનો અનુભવ મહારાજ નાગરાજ કંઈક આ રીતે વર્ણવે છે-

‘સમાધિની સ્થિતિમાં આશા, વિચાર અને ઇચ્છા શમી ગયાં, જે સામાન્ય સ્થિતિમાં નિરંતર દોડતાં રહેતાં. ‘મારે કંઈક પામવું છે’, ‘મારે કંઈક કરવું છે’ અને ‘મારી પાસે કંઈક છે’ એ બધું જ ચૂપ થઈ ગયું. ભૂતકાળની પીડા, ભવિષ્યની ચિંતા અને વર્તમાનનો વિરોધ સમાપ્ત થઈ ગયાં હતાં. મારું ધન લઈને ભાગી જનાર પ્રત્યેનો વિરોધ સમાપ્ત થઈ ગયો. એટલે મને ખાતરી થઈ કે આ જ સમાધિ છે. હા, આ સાચે જ બહુ મોટી સિદ્ધિ હતી, મોટી ઉપલબ્ધિ હતી. પરંતુ, મારી જિજ્ઞાસા શાંત નહોતી થઈ. મારા પ્રશ્નોના જવાબ નહોતા મળ્યા.’

## સંયમ

મહારાજ નાગરાજે સ્વીકાર્યું કે સમાધિની સ્થિતિ તો પ્રાપ્ત થઈ, પણ જે લક્ષ્યની પૂર્તિ માટે સાધના શરૂ કરી હતી તે હજી અતૃપ્ત હતું. એક દિવસ જિજ્ઞાસા સંતોષાશે (બ્રહ્મજ્ઞાન થશે) એ પ્રતીક્ષામાં તેઓ દરરોજ ૧૨-૧૮ કલાક સમાધિસ્થ રહેતા. આ રીતે કેટલાય મહિનાઓ પ્રશ્નોના જવાબ, જ્ઞાન કે બ્રહ્મજ્ઞાનની રાહ જોવામાં વીતી ગયા. સમાધિમાં બ્રહ્મજ્ઞાન ન જ થયું. એમને શંકા થઈ કે મને સમાધિ થઈ કે નહિ? એની ચકાસણી કઈ રીતે કરવી? હવે જો હું કહું કે સમાધિમાં બ્રહ્મજ્ઞાન નથી થતું તો કોણ મારી વાત માનશે? કેમ કે શાસ્ત્રોમાં લખ્યું છે કે સમાધિમાં જ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. પણ સમાધિ થઈ તેનું પ્રમાણ શું માનવું?

આ પ્રકારની માનસિક સ્થિતિમાં તેમને યાદ આવ્યું કે સમાધિની ખાતરી ‘સંયમ’થી થશે. ‘પતંજલિ યોગસૂત્ર’માં ‘સંયમ’વિધિનો ઉલ્લેખ છે. પરંતુ, મહારાજ

નાગરાજે સ્વ-વિવેકથી નક્કી કર્યું કે યોગસૂત્રમાં ઉલ્લેખિત વિધિને ઉલટાવીને 'સંયમ' વિધિ અજમાવવી. અહીં મહારાજ નાગરાજે સ્વ-વિવેકથી એક નવી વિધિનું નિર્માણ કર્યું હતું. એમણે તો શાસ્ત્રોના અધ્યયનથી ઉત્પન્ન થયેલા પ્રશ્નોના નિવારણ માટે શરીરયાત્રા અર્પિત કરવાનો નિશ્ચય પહેલેથી જ કરી નાંખેલો. લક્ષ્ય પામવાની ધૂન તો લાગેલી જ હતી. એટલે જ પતંજલિ યોગસૂત્ર 'અપ્રાપ્તને પ્રાપ્ત' કરવા જેવું કે સિદ્ધિ પામવા જેવું લાગ્યું અને 'અજ્ઞાતને જ્ઞાત' કરવા માટે તેને ઉલટું કરીને અજમાવવાનો પ્રયોગ કરવાનો નિશ્ચય કર્યો. તેઓએ 'ધારણા ધ્યાન સમાધિ ત્રયમ્ એકત્રત્વાત્' ને ઉલટું કરીને 'સમાધિ ધ્યાન ધારણા ત્રયમ્ એકત્રત્વાત્' સૂત્ર બનાવ્યું. આ વિધિથી પછીના લભગ બે વર્ષોમાં સંયમ ક્રિયા સંપન્ન થઈ. ૫ વર્ષ સુધી તેઓ સંયમ ક્રિયા કરતા રહ્યા. અને છેવટે....... સાધના ફળી..... લક્ષ્ય પ્રાપ્ત થયું....... સંપૂર્ણ અસ્તિત્વ એના વાસ્ત્વિક સ્વરૂપમાં દેખાવા લાગ્યું........ બધું જ સમજાવા લાગ્યું.....

'સંયમ'માં સ્થિત થયા પછી અસ્તિત્વને સમજવાની પ્રક્રિયાનું વર્ણન મહારાજ નાગરાજે કંઈક આ રીતે કર્યું છે.....

ધીરે ધીરે પ્રકૃતિ આપોઆપ મારી સમક્ષ પ્રસ્તુત થવા લાગી. ધરતી, વનસ્પતિઓ, જીવસંસાર અને માનવસંસાર એના વાસ્તવિક સ્વરૂપમાં મારી સમક્ષ પ્રસ્તુત થયા. પહેલાં આવી ધરતી. પછી એવી અનંત ધરતીઓ આવી. આ અંદાજે મહિનાભર ચાલ્યું. જાણે કોઈ ફિલ્મ જોતાં હોઇએ એમ મને અસ્તિત્વ દેખાતું હતું- સમજાતું હતું. એક પથ્થર દેખાયો. એ વિસ્તરતો ગયો. જાણે ચૂનો ઓગળતો હોય તેમ એ ફેલાતો ગયો. એ એટલો ફેલાઈ ગયો હતો કે હવે તેનો દરેક ભાગ સ્વચાલિત સ્થિતિમાં દેખાતો હતો. એ સ્વચાલિત અનેક વસ્તુઓને મેં 'પરમાણુ' નામ આપ્યું. આમ, મેં પરમાણુને જોયો.

એક દિવસ મને દેખાયું કે પરમાણુઓ આપોઆપ એક હારમાં ગોઠવાઈ ગયાં. એક, બે, ત્રણ, ચાર,..... હું એમને ગણી શકતો હતો. હવે જોઈ શકાયું કે કેટલાક પરમાણુઓ અજીર્ણ છે, જે પોતાનામાંથી કેટલાક પરમાણુઅંશોને બહાર કાઢવા માંગે છે. એની પહેલાં કેટલાક પરમાણુઓને ભૂખ્યાં પરમાણુ સ્વરૂપે જોયાં, જે કેટલાક પરમાણુઅંશોને પોતાનામાં સમાવી લેવા માંગે છે. આ બન્ને પ્રકારનાં પરમાણુઓ વચ્ચે

મેં એક એવો પરમાણુ પણ જોયો જે પોતાના પુંજાકારે ફરી રહ્યો છે, જ્યારે બાકી બધા પરમાણુઓ પોતાની જગ્યા પર સ્થિત છે. જ્યારે પુંજાકારે ફરતા પરમાણુને જોયો ત્યારે સમજાયું કે એની ગઠનતૃપ્તિ થઈ ગઈ છે. આ તૃપ્ત પરમાણુને 'ગઠનપૂર્ણ પરમાણુ' નામ આપ્યું.... એ જ 'ચૈતન્ય એકમ'... એ જ 'જીવન' છે.

રસાયણ તત્વોના મૂળમાં જવાથી જ્ઞાત થયું કે એના મૂળમાં જળ છે. કોઈપણ ધરતી પર પ્રથમ યૌગિક વસ્તુ જળ છે. જળ ધરતી પર જ ટકે છે. ધરતી સાથે મળીને જળ અમ્લ(ઍસિડ) અને ક્ષાર(બેઝ) બનાવે છે. કોઈ નિશ્ચિત માત્રામાં અમ્લ અને ક્ષાર મળીને 'પુષ્ટિતત્વ' અને નિશ્ચિત માત્રામાં મળીને 'રચનાતત્વ' બનાવે છે એ જોયું. પ્રચલિત ભાષામાં 'રચનાતત્વ'ને 'હૉર્મોન' અને 'પુષ્ટિતત્વ'ને 'પ્રોટિન' કહે છે.

પછી પ્રાણકોષિકાના સ્વરૂપને જોયું. પ્રાણકોષિકાને એના મૂળ સ્વરૂપમાં, યૌગિક ક્રિયાના સ્વરૂપમાં મારી સમ્મુખ આવતી જોઈને હું અતિ પ્રસન્ન થતો હતો. આ રીતે વસ્તુઓનું વિસ્તારથી અધ્યયન થતું રહ્યું. એના સિવાય બીજું 'વાંચવા' જોઈએ જ શું?! આ જ તો 'વાંચવાનું' છે! આ રીતે 'વાંચતાં-વાંચતાં' માનવ સુધી પહોંચ્યો. માનવમાં પ્રાણકોષિકા થકી રચિત શરીર જોયું. પ્રાણકોષિકા કેવી રીતે બને છે એ સ્પષ્ટ થયું. પ્રાણકોષિકાના મૂળમાં પ્રાણસૂત્ર અને પ્રાણસૂત્રના મૂળમાં પુષ્ટિતત્વ તથા રચનાતત્વ હોય છે.

પ્રાણસૂત્રોમાં જ્યારે શ્વસન-પ્રશ્વસન પ્રક્રિયા શરૂ થાય છે ત્યારે તેઓ જાણે ઝૂમી ઊઠે છે અને તેમાં એક રચનાવિધિ ઉપસી આવે છે. એ રચનામાં તેઓ સંલગ્ન થઈ જાય છે. એ પછી 'બીજ-વૃક્ષ ન્યાય' વિધિથી તેમની પરંપરા બને છે. એ જ થનગનાટને પરિણામે પ્રાણસૂત્રોમાં પરિવર્તન આવે છે, નવી રચનાવિધિઓ નીકળી આવે છે અને નવી રચનાઓ થાય છે. એ રચનાઓ પણ 'બીજ-વૃક્ષ ન્યાય' વિધિથી પોતાની પરંપરા રચે છે. આ રીતે અનેક રચનાઓ પ્રાણસૂત્રોથી થઈ.....

સંયમ કાળમાં અધ્યયન પૂર્ણ કરતાં મને ૫ વર્ષ લાગ્યાં હતા. જ્યાં સુધી મેં એમ ન માન્યું કે મારું અધ્યયન પૂર્ણ થઈ ગયું છે, આ દ્રશ્યો પુનરાવર્તિત થતાં રહ્યા. મેં માન્યું કે અસ્તિત્વ સ્વયં પ્રગટનશીલ છે, એમાં કંઈ જ રહસ્ય નથી.

સ્થૂળથી સ્થૂળ અને સૂક્ષ્મથી સૂક્ષ્મ બધું જ જોયા પછી મેં નિર્ણય કર્યો કે 'આ જ અસ્તિત્વ છે' અને 'આ વ્યાપકમાં સમ્પૃક્ત પ્રકૃતિ છે'. આ વાતનો મને પૂર્ણ વિશ્વાસ થયો ત્યારે મેં 'સંયમ'ક્રિયા પૂર્ણ થયાનો સ્વીકાર કર્યો.

આમ, મહારાજ નાગરાજને એમનાં બધા જ પ્રશ્નોના જવાબ મળી ગયા હતા....

- અસ્તિત્વ કેમ છે, કેવું છે?
- બ્રહ્મ અને જગતનો શું સંબંધ છે?
- માનવ કેવો છે, કેમ એવો છે?
- મોક્ષ શું છે?

આ બધા જ અને આના જેવા બીજા બધાં જ પ્રશ્નોના જવાબ તેઓને ઉપલબ્ધ થયા હતા. એ કહેવામાં જરાય અતિશયોક્તિ નહિં ગણાય કે માનવજાતિ માટે એક નવું 'દર્શન' ઉપલબ્ધ થયું હતું......

સાર રૂપે....

૧)

- પરંપરામાં આદર્શવાદ રહસ્યોમાં સપડાયેલો હતો અને આધુનિક સમયનો ભૌતિકવાદ તર્કમાં જ સમેટાઈ ચૂક્યો હતો. આ બન્ને પ્રયાસો માનવજાતિના કલ્યાણમાં નિષ્ફળ ગયા અને એને પરિણામે જ, એના 'વિકલ્પ' સ્વરૂપે, આદરણીય નાગરાજજીએ 'અસ્તિત્વમૂલક માનવકેન્દ્રિત ચિંતન' અથવા 'મધ્યસ્થ દર્શન' પ્રતિપાદિત કર્યું.
- અસ્તિત્વ સહઅસ્તિત્વ છે.
- અસ્તિત્વમાં વિકાસક્રમ છે, વિકાસ છે, જાગૃતિક્રમ છે, જાગૃતિ છે અને જાગૃતિની નિરંતરતા છે.
- બ્રહ્મ સત્ય, જગત શાશ્વત.

૨)

- પ્રત્યેક માનવ 'ચૈતન્ય એક્મ' છે, જે 'જીવન અને શરીરનું સંયુક્ત સ્વરૂપ' છે. 'જીવન' એક ગઠનપૂર્ણ પરમાણુ છે. પરમાણુમાં વિકાસપૂર્વક ગઠનપૂર્ણતા છે. જાગૃતિક્રમમાં જીવનમાં અન્ય બે પૂર્ણતાઓ છે- ક્રિયાપૂર્ણતા અને આચરણપૂર્ણતા, જે માનવ પરંપરામાં જ ઘટિત થાય છે.

૩)

- જ્ઞાનના અભાવમાં જ માનવ ભ્રમિત રહે છે. ભ્રમ અતિવ્યાપ્તિ, અનાવ્યાપ્તિ અને અવ્યાપ્તિ દોષ છે.
- ભ્રમમાંથી મુક્તિ એ જ મોક્ષ છે.

૪)

- મધ્યસ્થ દર્શનના મૂળ પ્રતિપાદનમાં સહઅસ્તિત્વ દર્શનજ્ઞાન, જીવનજ્ઞાન અને માનવીયતાપૂર્ણ આચરણજ્ઞાન છે. સહઅસ્તિત્વ દર્શનજ્ઞાન એ જ બ્રહ્મજ્ઞાન છે, જે શિક્ષણ થકી અધ્યયનગમ્ય છે.
- જ્ઞાનથી જ માનવ અનુભવસંપન્ન થાય છે, બધા જ આયામોમાં સમાધાનસંપન્ન થાય છે. સર્વતોમુખી સમાધાનસંપન્નતા, અનુભવસહિત સમત્વ સર્વશુભ પ્રમાણ જ સમાધિ છે.

૫)

- જ્ઞાનસંપન્નતાના પ્રમાણ રૂપ છે- અનુભવપ્રમાણ, વ્યવહારપ્રમાણ અને પ્રયોગપ્રમાણ. આ જ સંયમ છે. એમના આધારે જ જીવનયાત્રા સફળ થયાનું પ્રમાણ છે.

આ રીતે જ્ઞાનસંપન્ન (અનુભનસંપન્ન) થવાથી મહારાજ નાગરાજને પ્રશ્નવિહિન, ભૂલવિહિન, વિરોધવિહિન, ભ્રમવિહિન અને અપરાધવિહિન જીવન જીવવાની સમજણ પ્રાપ્ત થઈ ગઈ. આ 'સમજણ'થી પરમ આનંદ, અત્યાધિક તૃપ્તિની અનુભૂતિ થઈ. સ્વયંમાં 'કંઈક' પામ્યાના ભાવથી તેઓ ભરાઈ ગયા. માનવજાતિના ઈતિહાસમાં જે કોઈ મહાપુરૂષોએ પૂર્ણતા માટે પ્રયત્ન કર્યો હતો તે સૌ પ્રત્યે કૃતજ્ઞતાના ભાવથી ઓતપ્રોત થઈ ગયેલા મહારાજ નાગરાજના મનમાં આવ્યું-

"મને પ્રાપ્ત થયેલું જ્ઞાન મારા એકલાનું નથી. સમગ્ર માનવજાતિના પુણ્યપ્રતાપે મને આ જ્ઞાન પ્રાપ્ત થયું છે. સર્વ માનવોનું આ જ્ઞાન તેમને જ અર્પણ કરવાનું છે."

તરત જ તેમને વિચાર આવ્યો કે પહેલાં તો પોતે આ (જ્ઞાન) પ્રમાણે જીવીને તેને પ્રમાણિત કરવાનું છે. હવે તેઓ 'પ્રશ્નમુક્ત, ભૂલમુક્ત, વિરોધમુક્ત, ભ્રમમુક્ત અને અપરાધમુક્ત, એટલે કે 'સમાધાન, સમૃદ્ધિ, અભય અને સહઅસ્તિત્વ' વિધિથી જીવવાની યોજના બનાવવા લાગ્યા. તેઓ 'સમાધાન, સમૃદ્ધિ, અભય અને સહઅસ્તિત્વ' ને 'માનવલક્ષ્ય' અથવા 'પ્રત્યેક માનવની આવશ્યકતા' રૂપે જોઈ શક્યા. તેથી તેઓએ આ જ્ઞાનના લોકવ્યાપીકરણની યોજના બનાવવાનો નિશ્ચય કર્યો.

## નિશ્ચિત આચરણ

ખોવાયેલી કોઈ વસ્તુ શોધતાં શોધતાં ક્યારેક એ વસ્તુ તો જડે જ અને સાથે મહત્વની કોઈક અન્ય વસ્તુ પણ મળી આવે એવું તો ઘરમાં ઘણી વખત બનતું હશે! કંઈક એવું જ મહારાજ નાગરાજ સાથે થયું! તેમને તેમના પ્રશ્નોના ઉત્તર તો મળ્યા, સાથે 'માનવનું સાર્વભૌમ નિશ્ચિત આચરણ (માનવત્વ)' , 'માનવપરિવાર વ્યવસ્થા' ,'પરિવારમૂલક સ્વરાજ વ્યવસ્થા' અને 'અખંડ સમાજ' તથા 'સાર્વભૌમ વ્યવસ્થા'ના સ્વરૂપ પણ સ્પષ્ટ થયાં. અત્યાર સુધી સાધનામાં રોકાયેલો મહારાજ નાગરાજનો સમય હવે પરિવારની આહાર, આવાસ અને અલંકાર સંબંધી આવશ્યકતાઓ સહઅસ્તિત્વવિધિથી પૂરી કરવામાં લાગ્યો, જે છેવટે તો અખંડ સમાજ અને સાર્વભૌમ વ્યવસ્થાની દિશામાં જ હતો.

સમાજમાં 'ગુરૂ' કે 'મહાત્મા' કહેવાતા માનવોના જીવનને નિરખવાનો અવસર આપણને મળે છે. આ પ્રકારના મોટાભાગના લોકોનું આચરણ દિવસ અને

વર્ષના સમય પ્રમાણે બદલાતું રહે છે. ક્યારેક તેઓ ખૂબ ખુશ અને નાચતા-ગાતા જોવા મળે છે તો ક્યારેક એકદમ ચૂપ જોવા મળે છે. ક્યારેક કોઈની સાથે પેમપૂર્વક વર્તે છે તો ક્યારેક ક્રોધિત-ઉત્તેજિત થઈ જાય છે અને ક્યારેક એકદમ તટસ્થ હોય છે. કોઈ વાર સમાજ અને રાજકારણના ઉદ્ધારની વાતો કરે છે તો કોઈ વાર સંસારને મોહ-માયા ગણાવીને એને ત્યાગવાની વાતો કરે છે. ક્યારેક સાર્વજનિક જીવન જીવે છે તો ક્યારેક એકાંતવાસ કે અજ્ઞાતવાસમાં જતા રહે છે. આ લોકોના વર્તન વિશે નિશ્ચિતરૂપે કંઈ કહેવું અઘરૂં છે. માત્ર અનુમાન લગાવવું પડે છે. પરંતુ, જે લોકો બાબાજીની સાથે રહ્યા છે અથવા તેમના સંપર્કમાં આવ્યા છે એ લોકો જાણે છે કે બાબાજીનાં આચરણ બાબતે બધું જ નિશ્ચિત છે. ધ્યાનાકર્ષણ કરાવવાની તેમની પદ્ધતિ પણ નિશ્ચિત હતી. એમની સાથે વાર્તાલાપ કરતી વેળાએ કોઈ જિજ્ઞાસુના વિચારોની રજૂઆતમાં તાલમેલનો અભાવ દેખાય તો બાબાજી ઊંચા અવાજે બોલીને તેનું ધ્યાન દોરતા, જે ‘વઢવા’ જેવું લાગે છે.

જેમ ઉપર દર્શવ્યું છે તેમ જાગૃત માનવનું આચરણ નિશ્ચિત હોય છે, જેને ‘સાર્વભૌમ માનવીયતાપૂર્ણ આચરણ’ કહી શકાય. બાબાજીના જીવનમાં માનવીયતાપૂર્ણ આચરણ પ્રમાણિત થયું છે. બાબાજીના સંપર્કમાં આવેલ વ્યક્તિઓ સાથે બાબાજી દ્વારા થયેલ વ્યવહાર દર્શાવતા પ્રસંગોનું વર્ણન કરવા બેસીએ તો આ પુસ્તક ‘ગ્રંથ’માં પરિવર્તિત થઈ જાય! પણ આ સંક્ષિપ્ત વર્ણનથી જ તેમના વ્યવહારની ઝલક તો મળે જ છે.

**<u>સ્વધન</u>** : ‘સ્વધન માટે ઉત્પાદન’ બાબતે ઘણા લોકો તેમને પૂછતા. જવાબમાં તેઓ કહેતાં-

“એ માટે હું એટલી પદ્ધતિઓ જાણું છું જેટલાં માથામાં વાળ છે.”

તેઓ પોતે યુવા ઊંમરમાં સીવણ, સુથારીકામ, લુહારીકામ, ગૌપાલન, ખેતી, કુંભારીકામ, જેવાં કૌશલ્યો શીખીને આ વાતનું પ્રમાણ આપી ચૂક્યા હતા. અમરકંટકમાં તેઓએ ખેતીને સ્વધનનું મુખ્ય સાધન બનાવ્યું હતું. તેઓએ ૮૦ વર્ષની ઊંમર સુધી જાતે જ શ્રમ કરીને પ્રાકૃતિક (રસાયણ કે કીટનાશકોના ઉપયોગ વિના)

ખેતી કરી. ઉપરાંત, તેઓ આયુર્વેદના માધ્યમથી લોકોની અસાધ્ય બીમારીઓ પણ દૂર કરતા. શરૂઆતમાં તેઓ લોકોને જડીબુટ્ટીઓ આપીને ઈલાજ કરતા. પછીથી તેઓ આયુર્વેદિક ઔષધિઓનું ઉત્પાદન પણ કરવા લાગ્યા હતા.

**ઉપકાર** : એમની દરેક અનુભૂતિ, વિચાર, કાર્ય, વ્યવહાર..... અરે, એમનો દરેક શ્વાસ ઉપકાર માટે સમર્પિત હતો એ જોઈ શકાય છે. ત્રણ પ્રકારે ઉપકાર થઈ શકે- સમજેલું (યથાર્થતા, વાસ્તવિકતા અને સત્યતા) સમજાવવું, શીખેલું શીખવવું અને કરેલું (કાર્ય) કરાવવું. એમાં પણ અખંડ સમાજ સાર્વભૌમ વ્યવસ્થા અને વર્તમાન પરિસ્થિતિઓના સંદર્ભમાં (માનવમાં સમજણનો અભાવ હોવાથી) સમજાવવું એ પ્રાથમિક જરૂરિયાત છે. આદરણીય બાબાજી સમજાવવા, શીખવવા અને કરાવવા હંમેશાં તત્પર રહ્યા છે. આજે તો 'જીવનવિદ્યા શિબિર' (સાત દિવસનો એક કાર્યક્રમ, જેમાં 'મધ્યસ્થ દર્શન' નો પરિચય તે પ્રમાણે જીવનાર વ્યક્તિ દ્વારા આપવામાં આવે છે) ચલાવનાર ઘણા લોકો છે. આરંભમાં તો બાબાજી પોતે શિબિર ચલાવતા. કહેવાય છે કે પહેલી વ્યક્તિના જાગવાથી માંડીને છેલ્લી વ્યક્તિના સૂવા સુધી બાબાજી શિબિર ચલાવતા.

સમજાવવા માટે તેઓ કોઈપણ ભેદભાવ વિના, કોઈને પણ, ક્યાંય પણ મળવા માટે તત્પર રહેતા. શરીરને આરામ આપવાની ખાસ ચિંતા કર્યા વિના તેઓ ક્યારેક ચાલતા જતા રહેતા, ક્યારેક સાઈકલ પર, ક્યારેક સ્કૂટર પર તો ક્યારેક બસ અથવા રેલ્વેમાં પણ મુસાફરી કરી લેતા. જ્યાં સૂવાનું કહેવામાં આવે ત્યાં સૂઈ જતા અને જેવું ખાવાનું મળ્યું એવું (પણ શુદ્ધ શાકાહારી) ખાઈ લેતા. તેમણે ક્યારેય રૂપ, ધન, બળ કે પદ, જાતિ, ધર્મ, મત કે સંપ્રદાયના આધારે કોઈનીય સાથેના વ્યવહારમાં સન્માનનો ભેદ નથી રાખ્યો. તેઓ જોતા તો ફક્ત વ્યક્તિની સમજવાની ભૂખ અને તૈયારી. તેઓ હંમેશાં બાળક, યુવાન, પ્રૌઢ, વૃદ્ધ, જ્ઞાની, વિજ્ઞાની, અજ્ઞાની, ધનિક અને નિર્ધન દરેક સમક્ષ સમાન રીતે પ્રસ્તુત થયા. સમજાવવાનું અને અધ્યયન કરાવવાનું વ્યક્તિની પાત્રતા અનુસાર રહેતું.

લોકોની બિમારીઓ દૂર કરવામાં પણ એ જ લોકો પાસેથી વળતર લેતા જે લોકો આપવામાં સમક્ષ હોય. અમરકંટકના નિવાસીઓ, અક્ષમ લોકો,

જિજ્ઞાસુઓ અને સામાજિક કાર્યમાં લાગેલા લોકો પાસેથી તેઓએ કદી ઉપચારના રૂપિયા નથી લીધા. બાબાજીના ઘરમાં જિજ્ઞાસુઓ અને સમાજસેવકોને રહેવા-જમવા માટેની તથા જરૂર પડ્યે તેમના ઉપચાર માટેની વ્યવસ્થા હંમેશાં રહેતી. ઘણી વખત તો તેમને રૂપિયા અને કપડાં પણ આપવામાં આવતાં.

સ્વધનમાંથી પરિવારની આવશ્યકતાઓ પૂરી થઈ જતી. ઉપરાંત, વધેલું ધન તેઓ પુસ્તકોના છાપકામમાં, ઘણા જિજ્ઞાસુઓના પરિવારને મદદ કરવામાં તથા અછોટી(રાયપુર)માં અધ્યયનમાં લાગેલા લોકોની વ્યવસ્થામાં ખર્ચતા. પોતાના કે પરિવારના કોઈ કામ માટે બીજા પાસેથી રૂપિયા લેવાનો તો પ્રશ્ન જ નથી આવ્યો. આ મુદ્દા પર ચર્ચા થતી ત્યારે તેઓ કહેતા- ‘બહારથી એક પૈસો પણ અહીં આવ્યો નથી.’

**પરિવાર** : સમાધિ-સંયમ પછી બાબાજી આદર્શવાદી/અધ્યાત્મવાદી પરંપરા અનુસાર ત્યાગી કે વિરક્ત નહોતા બન્યા, ન તો તેઓ ધનાઢ્યો દ્વારા પ્રદત્ત અને આધુનિક સુવિધાઓથી પરિપૂર્ણ આશ્રમમાં રહ્યા. બાબાજી સમગ્ર પૃથ્વીને પોતાનો પરિવાર સમજતા. પોતાના પુત્ર, પુત્રવધૂ અને પૌત્ર-પૌત્રીઓ સાથે પારિવારિક વ્યવસ્થામાં જ જીવ્યા. જિજ્ઞાસુઓ પણ પરિવારના સભ્યોની જેમ જ બાબાજી સાથે રહેતાં. બાબાજી ન્યાયપૂર્વક પરિવારમાં જીવતા. પરિવારજનોને તેઓ દર્શન સમજવા માટે પ્રેરિત કરતા રહ્યા. તેઓએ કદી એવું નક્કી નહોતું કર્યું કે પહેલાં મારા પરિવારે દર્શન સમજવું પડશે પછી જ બીજાં લોકોને સમજાવવામાં આવશે. જે માનવને સમજવું છે તેને સમજાવવા તેઓ સદૈવ તત્પર રહેતા, પછી એ સાથે રહેનાર પરિવારનો સભ્ય હોય કે બૃહદ પરિવારનો.

સૌથી મોટા પુત્ર શ્રી નરહરિ (જેમને સાધના પહેલાં સસરા પાસે મોકલી દેવાયા હતા તે) બેંગ્લોરમાં રહે છે. ઘરમાં રહેનાર સદસ્યો છે- મોટા પુત્ર માર્કંડેયજી (દાદાભાઈ) અને તેમનાં પત્ની શ્રીમતી સુનીતાજી, પુત્રી સુશ્રી શારદાઅમ્બાજી (જેઓને સૌ અમ્બાદીદી નામે ઓળખે છે), નાના પુત્ર લક્ષ્મીપ્રસાદજી અને તેમનાં પત્ની શ્રીમતી પૂજાજી. દાદાભાઈ અમરકંટક નગરપંચાયતમાં કામ કરે છે. લક્ષ્મીપ્રસાદજીનું પોતાનું ફેબ્રિકેશનનું કારખાનું છે. અમ્બાદીદી એ સંકલ્પ કર્યો છે કે તેઓ બાબાજીની સેવા અને

'દર્શન'ની સ્થાપનામાં શરીરયાત્રા સમર્પિત કરશે. એથી તેઓએ લગ્ન નથી કર્યાં. અમ્બાદીદી બાબાજીની અથાક સેવા ઉપરાંત જિજ્ઞાસુઓના રહેવા-જમવાની વ્યવસ્થા તથા આયુર્વેદના કામમાં બાબાજીની મદદ કરે છે. ઘરમાં સૌ સાથે મળીને (જેમાં ઘરની મહિલાઓ અને જિજ્ઞાસુઓનો સમાવેશ થાય) રસોઈ અને ઘરની વિવિધ વ્યવસ્થાઓ સંભાળી લે છે.

અમ્બાદીદીને યાદ છે કે બાબાજી કેવી રીતે તેમને અને ભાઈને ખભા પર બેસાડીને એક વહેણ પાર કરીને શાળાએ મૂકવા જતા. પછી ખેતરમાં કામ કરતા અને દવાઓ બનાવતા. બાબાજી સવારે સૌની સાથે ચા પીતા. બાળકો સાથે દોડતા-રમતા. એક થાળીમાં સૌ જમી લેતાં. ક્યારેક સાંજે તેમને ગણતરી અને ઘડિયા પણ શીખવતા. બાળકો સાથે તેઓ જંગલમાં જતા અને લાકડાં લઈ આવતા. હવે તેઓએ જંગલમાં જ રહેવાનું અને કામ કરવાનું હતું. તો, બાળકોનાં મનમાંથી જંગલી જાનવરોનો ભય દૂર કરવા માટે ક્યારેક જંગલમાં બાળકોને એકલાં મૂકીને પોતે સંતાઈ જતા. બાબાજીએ તેમનાં સંતાનોને કે કોઈને પણ કંઈ કરવાનો કે ન કરવાનો આદેશ નથી આપ્યો. અમ્બાદીદીએ લગ્નની ના પાડી તો ક્યારેય બાબાજીએ તેમના પર કોઈ દબાણ નથી કર્યું. અધ્યયન માટે પ્રેરિત કરતા રહ્યા.

વર્ષ ૧૯૮૪માં સુનીતાભાભી વહુ બનીને ઘરમાં આવ્યાં ત્યારે તેઓ બાબાજી વિશે કશું જ જાણતાં નહોતાં. આમેય તેઓને સાધુઓ અને પંડિતોમાં કોઈ શ્રદ્ધા નહોતી. જ્યારે તેમણે બાબાજીને ઘરમાં આવેલાં જિજ્ઞાસુઓ સાથે વાતચીત કરતાં સાંભળ્યાં ત્યારે બાબાજી એમને ન તો સાધુ જેવા લાગ્યા, ન તો પંડિત જેવા. તેઓ બાબાજીને એક દાર્શનિક સ્વરૂપે સ્વીકારી શક્યાં અને વ્યવહારમાં પિતારૂપે. બાબાજી ઝડપથી આખા ઘરમાં ફરતા અને દરેક વ્યક્તિ તથા દરેક વ્યવસ્થાનું ધ્યાન રાખતા. સુનીતાભાભી શરૂઆતમાં તો સસરા-વહુ સંબંધવશ બાબાજી સાથે વાત કરતાં ખચકાતા. પછી ધીમે ધીમે તેમણે બાબાજી પાસેથી સમજવાનું શરૂ કર્યું. હવે તેઓ બાબાજીને ભગવાન સમાન માને છે અને શિબિર કર્યા બાદ અધ્યયનમાં નિમગ્ન છે. ૧૯૮૫માં તેઓને સમજાતું નહોતું કે નવી નવી પુત્રવધુ હોઈ કેમ તેમની પાસે વધુ કામ કરાવવામાં નહોતું આવતું પણ આજે તેઓ ઘરની બધી વ્યવસ્થાઓમાં મહત્વપૂર્ણ ભાગ ભજવે છે.

૧૯૯૧માં પૂજાભાભીના પિતાજી દીકરીના લગ્નનો પ્રસ્તાવ લઈને બાબાજીના પરિવારને મળ્યા. ઘરનું વાતાવરણ જોઈને તેઓ ખૂબ પ્રસન્ન થયા. ઘરમાં અનાજની ગૂણો પડેલી જોઈને તેમને આ પરિવાર 'ખેડૂત પરિવાર' લાગ્યો. દીકરીને આ ઘરમાં પરણાવવામાં તેઓએ જરાય વિલંબ ન કર્યો. ૧૯૯૧માં જ નાનીવહુ તરીકે પૂજાભાભી ઘરમાં આવ્યાં. આવતાવેંત જ તેઓને બાબાજીની વિદ્વતાનો ખ્યાલ આવ્યો. બાબાજી તેમને 'પરંપરાગત સસરા' ન લાગ્યા! તેઓ શરૂઆતથી જ બાબાજી સાથે મોકળાશથી વાત કરી શકતાં અને આજ સુધી કોઈપણ બાબતે ફરિયાદ નથી આવી. તેઓ બાબાજીની જેમ જીવવા માંગે છે. બાબાજી પરિવારજનો અને આગંતુકો સાથે જેમ મધુર સંબંધો સહિત જીવ્યા છે એવું જ જીવન જીવવાની તેમની ઇચ્છા છે. તેઓ ઘર-પરિવારની જવાબદારીઓ સંભાળવા ઉપરાંત શિબિર કરી ચૂક્યાં છે અને અધ્યયનમાં ધ્યાન આપી રહ્યા છે.

શ્રી માર્કંડેયજી બાબાજીને પિતારૂપે પામીને પોતાના જીવનને સાર્થક અને ધન્ય માને છે અને તેઓને પોતાના ગુરૂ ગણે છે. પરિવારમાં પરંપરા રહી છે કે દરેકને શ્રૃંગેરી મઠના શંકરાચાર્યજી દ્વારા દીક્ષા આપવામાં આવે. જો કોઈ કારણવશ શંકરાચાર્યજી પાસેથી દીક્ષા સંભવ ન હોય તો પિતાજી પાસેથી દીક્ષા લેવામાં આવતી. બાળપણથી જ તેઓ બાબાજીને સમાધિની સ્થિતિમાં જોતાં આવેલા. તેઓ જોઈ શકતાં કે સમાધિ વખતે બાબાજીને શરીરનું ભાન ન રહેતું. તેઓ એ પણ સ્વીકારે છે કે જ્યાં બાબાજીનું જ્ઞાન સમજવા માટે દૂર-દૂરથી લોકો આવી રહ્યા છે ત્યાં તેઓ અને પરિવારના અન્ય સભ્યો દર્શનનું ઊંડાણપૂર્વક અધ્યયન ન કરી શક્યા હોવાં છતાં બાબાજી પાસેથી ઘણું શીખ્યા છે. 'સમસ્યા છે તો તેનું સમાધાન પણ છે જ' એ શીખ તેઓને મુખ્ય લાગે છે. આ કારણે તેઓને જીવન સમસ્યાગ્રસ્ત નથી લાગ્યું, જેને તેઓ બાબાજીની કૃપા સમજે છે. હવે તેઓનું મન બન્યું છે કે સમજવું જોઈએ અને તેથી તેઓએ નક્કી કર્યું છે કે ૨૦૧૫થી સમજવામાં અને આ જ્ઞાનના લોકવ્યાપીકરણમાં ભાગીદાર થવું.

શ્રી લક્ષ્મીપ્રસાદજી (મુન્નાભાઈ) બાબાજીને એક યોગી સ્વરૂપે જુએ છે. તેઓ કહે છે કે તેમણે બાબાજીને ક્યારેય સમય બગાડતા નથી જોયા. મુન્નાભાઈ બાબાજીના સાધનાકાળનાં ૫-૬ વર્ષની ઉંમરે સાક્ષી રહ્યા છે. બાબાજી રાતના ૮

વાગ્યાથી સવારના ૪ વાગ્યા સુધી સાધના કરતા. દિવસે તેઓ ઉત્પાદનકાર્ય કરતા, ભાઈબહેનો સાથે રમતા-લખતા અને થોડો સમય સૂઈ જતા. તેમણે નોંધ્યું છે કે બાબાજી બાળકોને સુપેરે સમજે છે. તે સૌ ભાઈઓ તથા બહેન નાના હતા ત્યારે બાબાજી એક પણ વખત તેઓને વઢ્યા નથી. તે સૌએ આજદિન સુધી બાબાજીને હંમેશાં ખુશ જોયા છે. મુન્નાભાઈ બાબાજી પાસેથી મુખ્ય બે વાતો સમજ્યા છે- ૧) બાળક કોઇ ભૂલ કરે છે તેનો અર્થ એમ છે કે તેને સમજાવવામાં આપણે અસમર્થ છીએ. ૨) શ્રમપૂર્વક ઉત્પાદન કરો, વાપરો અને બીજાઓ માટે પણ બચાવીને રાખો. બાબાજી પાસેથી તેઓ ખેતી પણ શીખ્યા છે. આજે પણ તેઓ ખૂબ શ્રમ કરે છે અને ખુશ, સંયમિત તથા સ્વસ્થ રહે છે. ૬૦ વર્ષની ઉંમર પછી અધ્યયન શરૂ કરવાની તેમની યોજના છે.

શ્રી સાધનભાઈજી જ્યારે બાબાજીને પહેલી વખત મળ્યા ત્યારે તેઓ બાબાજીની વાત સમજી નહોતા શકતા અને તેનું તેમને ખૂબ દુઃખ થતું. અધિક આશ્ચર્ય તો ત્યારે થયું જ્યારે તેમના નિવેદન માત્રથી બાબાજીએ પછીની શિબિર નક્કી કરી નાંખી. દર્શન સમજવા માટે તેઓએ ૬ મહિના બાબાજી પાસે રહેવાનું નક્કી કર્યું અને પછી તો લાંબા સમય માટે ત્યાં જ રહી ગયા. આજે પણ તેઓ પત્ની અને દીકરી સાથે ત્યાં જ રહે છે. અહીં તેઓ પરિવારની વ્યવસ્થા, આયુર્વેદિક દવાઓનો કાર્યભાર અને જિજ્ઞાસુઓની જવાબદારી સંભાળે છે અને અધ્યયનમાં નિષ્ઠાપૂર્વક લાગેલા છે. ઘણાં જિજ્ઞાસુઓની માફક તેઓ પણ બાબાજીને 'દિવ્ય માનવ' રૂપે જુએ છે.

મહિમાભાભી તો અન્ય કન્યાઓની જેમ જ લગ્ન પછીનું જીવન પતિના ઘરે પસાર કરવા તૈયાર હતા. પણ અહીં તો પતિ જ પોતાનું ઘર છોડીને ગુરૂજીના ઘરે રહેતા હતા! તો, થયું એવું કે લગ્ન નક્કી કરવાની વાતચીતમાં સાધનભાઈના પરિવારના સભ્યો સહિત અમ્બાદીદીનો પણ સમાવેશ કરવામાં આવ્યો (સાધનભાઈને લગ્ન પછી જ મળવાનું થયેલું, પહેલાં ફક્ત ટેલિફોનથી વાત થયેલી). મહિમાભાભીને પુત્રવધૂ રૂપે અમરકંટક આવવામાં જાતભાતની આશંકાઓ હતી. પણ અમરકંટક પરિવારમાં આવ્યા પછી તેમની બધી આશંકાઓ તો દૂર થઈ જ ગઈ, તદુપરાંત તેઓએ સ્પષ્ટ અનુભવ્યું કે ઘરની અન્ય પુત્રવધૂઓ અને તેમની વચ્ચે કોઈ જ ભેદ રાખવામાં નથી આવતો. તેઓ બાબાજીને એક દિવ્ય માનવ, આયુર્વેદમાં પારંગત

ચિકિત્સક અને જ્ઞાની પુરૂષના સ્વરૂપમાં જોઈ શક્યાં. આજે તેઓ અમ્બાદીદી સાથે ઘરની જવાબદારીઓ સંભાળે છે અને પોતાને સૌભાગ્યશાળી સમજે છે.

પરિવારમાં થોડો સમય પણ રહેનારને, પરિવારના સભ્યોની જેમ જ, બાબાજીનું ચારેય આયામ (અનુભવ, વિચાર, વ્યવહાર અને કાર્ય) તથા પાંચેય સ્થિતિઓ (સ્વયં, પરિવાર, સમાજ, રાષ્ટ્ર અને અંતર્રાષ્ટ્ર)માં જીવવાનું સ્વરૂપ સ્પષ્ટ થાય છે અને તેઓ એકસાથે જ્ઞાની, ગુરૂ, પરિવારમાનવ, સમાજમાનવ તથા વ્યવસ્થામાનવ સ્વરૂપે દેખાય છે.

**સામાજિકતા** : બાબાજીએ સામાજિક જીવનમાં એક મર્યાદા બનાવી રાખી હતી. ક્યારેય કોઈ રોગી કે જિજ્ઞાસુને એકાંતમાં નથી મળ્યા. કેટલાંય લોકોએ બાબાજીને રૂપિયા સ્વીકારી લેવાનો આગ્રહ કરેલો. બાબાજી રૂપિયા ન લેતા પણ બદલામાં 'સત્ય સમજો' એવો પ્રસ્તાવ મૂકતા. કોઈના ફાળારૂપે પણ તેઓએ રૂપિયા નથી લીધા. અધ્યયનમાં જોડાયા પછી જે માનવો વ્યવસ્થાના અર્થમાં તન-મન-ધન લગાવવાનો નિશ્ચય કરે એ સૌનું બાબાજી સ્વાગત કરતા અને એમનું યોગદાન પ્રયોજનના અર્થમાં અર્પિત કરી દેતા. અગાઉ જણાવ્યું તેમ બાબાજીના ઘરમાં એક રૂપિયો પણ બહારથી નથી આવ્યો. તેઓ દરેક ક્ષેત્ર(જેમ કે, વિજ્ઞાન, ટેક્નોલોજી, આયુર્વેદ, કાયદો, ખેતી, શિક્ષણ, વગેરે)માં કામ કરનાર લોકોને મળ્યા છે. તેઓ જે-તે ક્ષેત્રના માણસ સાથે તેનાં ક્ષેત્રની વાતો કરતા, સમજવાનો પ્રસ્તાવ મૂકતા અને શિબિર કરવાની પ્રેરણા આપતા. શિબિર કરેલા લોકોને અધ્યયનની અને પછી તે મુજબ જીવવાની પ્રેરણા આપતા.

## લોકવ્યાપીકરણ

આદરણીય બાબાજીની વધતી ઉંમર (અને અત્યારે ૯૪ વર્ષ) અને પ્રતિભાસંપન્નતા જોઈને લોકો તેમને પ્રેમથી બાબાજી કે બાબા નાગરાજજી કહીને સંબોધતા. સમાધાન તથા સમૃદ્ધિના પ્રમાણરૂપે અને સુખ, શાંતિ, સંતોષ તથા આનંદની

નિરંતર અનુભૂતિ સાથે જીવન જીવતાં બાબાજી આ જ્ઞાન કે સમજણ સર્વસુલભ કઈ રીતે બનાવી શકાય એ બાબતે નિરંતર ચિંતન કરતાં રહેતાં. તેઓ વિચારતા-

"મેં જે અનુભવ કર્યો છે એને હું સવિનય પ્રસ્તુત જ કરી શકું છું. સમજવું એ પ્રત્યેકની જવાબદારી છે અને સ્વતંત્રતા પણ. વ્યક્તિની ઇચ્છા હોય તો જ એ સમજે અને ન સમજવું હોય તો ન પણ સમજે. એવું કહેવાતું આવ્યું છે કે અનુભવને વર્ણવવો અશક્ય છે. મેં અનુભવ કર્યો છે. એમાં જે સત્ય છે, તેને વાંસડા પર ચઢીને, બૂમો પાડીને બોલી શકાય છે. આ સત્ય એક દ્વારા બીજાને સમજાઈ શકે છે એવો મને વિશ્વાસ છે."

શરૂઆતમાં બાબાજીએ અમુક સાધુઓને આ વાત કહેવાનું શરૂ કર્યું. બાબાજીને તરત જ ખ્યાલ આવી ગયો કે મોટાભાગના સાધુઓ 'જ્ઞાન'ની શોધમાં નથી. સઘન સાધના કરવાની તેમની તૈયારી નથી. તેઓને 'સિદ્ધિઓ' મેળવવી છે, જેથી તેઓ ભૌતિક સુવિધાઓ જમા કરી શકે અને સેવા માટે શિષ્યો મેળવી શકે. કેટલાક સાધુઓ તો એમના દુશ્મનોને પાઠ ભણાવવા માટે 'શક્તિઓ' પ્રાપ્ત કરવા માંગતા હતા! ઘણાં સાધુઓ 'પોતીકાં-પારકાં'ના ભેદભાવમાં સપડાયેલા હતા. હા, ખરેખર મન લગાવીને સાધના કરનાર સાધુઓ પણ હતા. બાબાજીએ તેમની સમક્ષ આખીય વાત મૂકી ત્યારે તેઓને વાત 'સારી' તો લાગી, પણ તેઓ તો ચાલી આવતી આદર્શવાદી વિધિથી જ સાધના કરવા ઇચ્છતા હતા.

પરમ સત્ય, સહઅસ્તિત્વસહજ, અનુભવમૂલક પ્રમાણ-બોધપૂર્વક ચિંતન કરીને તેઓએ પરિવાર, સમાજ, શિક્ષણ, રાજકારણ, ધાર્મિકતા, વેપાર, પ્રકૃતિ, વગેરેની તત્કાલીન સ્થિતિ જોઈને કેટલાય મુદ્દાઓ પર વિચાર કર્યો, જેને સંક્ષિપ્તમાં આ રીતે વર્ણવી શકાય....

- <u>પરંપરાની સમીક્ષા અને સાચો પ્રસ્તાવ</u> : એવું તો ન કહી શકાય કે પરંપરામાં આ પહેલાં કોઈનેય અનુભવ નહિ થયો હોય. પરંતુ, કોઈપણ ધાર્મિક પરંપરા જોઈએ તો, પરંપરામાં તેનું પ્રમાણ ન તો લેખિત સ્વરૂપમાં મળે છે, ન તો 'વ્યવસ્થાપૂર્વક' જીવવાના સ્વરૂપમાં. પૂર્વજોએ પોતાની રીતે જે કંઈ યોગદાન આપ્યું છે તેનું પૂરું સન્માન કરીએ છીએ. તેઓએ

ઘોર તપ, સાધના અને પરિશ્રમ કરીને તે સમયની પરિસ્થિતિને અનુરૂપ ઉપદેશ પણ આપ્યા. એ તમામ મહાપુરૂષો પ્રતિ કૃતજ્ઞતાનો ભાવ સહજ છે, જેઓએ માનવજાતિને સાચું જીવવાની પ્રેરણા આપી. તેમ છતાં આજે વિશ્વમાં, સમાજમાં, પરંપરામાં અને ધાર્મિક સમુદાયોમાં પુષ્કળ ભૂલો, અપરાધ અને સંઘર્ષ જોવા મળે છે. એમને વધારે પ્રગટ કરવાથી કંઈ મળવાનું નથી. ભૂલને ભૂલથી, અપરાધને અપરાધથી કે યુદ્ધને યુદ્ધથી કદી રોકી નહિ શકાય. તેમનો વિરોધ કરવાથી તે નષ્ટ નહિ થાય. સત્યનો પ્રસ્તાવ જ એકમાત્ર રસ્તો છે. બાબાજી માનવજાતિની આવશ્યકતાઓ આ પ્રકારે સમજી શક્યા-

a) પ્રત્યેક માનવમાં સ્વસ્થ માનસિકતા(માનવીયતાપૂર્ણ વિચાર)ના ઉદય માટે શિક્ષણમાં 'લાભોન્માદી અર્થશાસ્ત્ર', 'ભોગોન્માદી સમાજશાસ્ત્ર' અને 'કામોન્માદી મનોવિજ્ઞાન'ની જગ્યાએ 'આવર્તનશીલ અર્થશાસ્ત્ર', 'વ્યવહારવાદી સમાજશાસ્ત્ર' અને 'માનવસંચેતનાવાદી મનોવિજ્ઞાન';
b) પ્રત્યેક પરિવારનો કાર્યક્રમ 'સુવિધાનો સંગ્રહ' નહિ, 'ન્યાય, સમાધાન અને સમૃદ્ધિ';
c) સામાજિક શાંતિ અને સર્વશુભ રાજનીતિ માટે 'શક્તિકેન્દ્રિત શાસન'ને બદલે 'સમાધાનકેન્દ્રિત અખંડ સમાજ વ્યવસ્થા';
d) પ્રત્યેક માનવની ભૌતિક જરૂરિયાતોની પૂર્તિના અર્થમાં, 'કૌશલ્ય' માટે 'વિખંડનવાદી(પ્રાકૃતિક અસંતુલનવાદી)વિજ્ઞાન'ની જગ્યાએ 'સહ-અસ્તિત્વવાદી(પ્રાકૃતિક સંતુલનવાદી)વિજ્ઞાન';
e) બૌદ્ધિક સમાધાન અને સામાજિકતા માટે 'દ્વંદ્વાત્મક ભૌતિકવાદ', 'સંઘર્ષાત્મક જનવાદ' અને 'રહસ્યાત્મક આદર્શવાદ'ને બદલે 'સમાધાનાત્મક ભૌતિકવાદ', 'વ્યવહારાત્મક જનવાદ' અને 'અનુભવાત્મક અધ્યાત્મવાદ' ('સહઅસ્તિત્વવાદ');

f) 'રહસ્યમૂલક ઈશ્વરકેન્દ્રિત માન્યતા' અને 'અસ્થિરતા-અનિશ્ચિતતામૂલક વસ્તુકેન્દ્રિત ચિત્રણ'ના સ્થાને 'અસ્તિત્વમૂલક માનવકેન્દ્રિત ચિંતન' અનિવાર્ય છે.

- <u>શિશુ</u> : દરેક માનવસંતાન જન્મથી જ જિજ્ઞાસુ, ન્યાયયાચક અને સત્યવક્તા હોય છે. તે યોગ્ય કાર્ય-વ્યવહાર કરવા માંગે છે. દરેક માનવસંતાનમાં આ જોઈ શકાય છે અને દરેક માનવ તે જુએ જ છે. આમ, દરેક માનવમાં સમાધાન, ન્યાય, ધર્મ અને સત્યને જાણવાની તથા તે મુજબ જીવવાની અપેક્ષા હોય જ છે. તો, માનવ પરંપરામાં સમાધાન, ન્યાય, ધર્મ અને સત્ય સ્થાપિત થાય એ જરૂરી છે.
- <u>ઉદ્‌ગાર</u> : સમાધાન અને સમૃદ્ધિથી જીવતા બાબાજીએ પોતાનામાં આ ઉદ્‌ગાર હંમેશાં જોયો છે- "ભૂમિ સ્વર્ગ થાય, મનુષ્ય દેવતા થાય, ધર્મ સફળ થાય, નિત્ય શુભ થાય"
- <u>સર્વશુભની કામના</u> : માનવમાં સર્વશુભની કામના અનાદિકાળથી રહી છે. દરેક માનવ બૌદ્ધિક સમાધાન અને ભૌતિક સમૃદ્ધિની અપેક્ષા હંમેશાં રાખે છે. માનવનો કાર્યક્રમ લક્ષ્યવિહિન નથી હોતો. દરેક માનવ સુખ, શાંતિ, સંતોષ અને આનંદની અનુભૂતિ ઝંખે જ છે.
- <u>કૂવો તરસ્યાના ઘરે આવશે!</u> : પરંપરામાં એવું કહેવાયું છે કે 'જે તરસ્યો હશે તે કૂવા પાસે આવશે.' બાબાજીએ વિચાર્યું કે હવે તો ઘરે-ઘરે પાણીના નળ થઈ ગયા છે! તો, તેઓએ તરસ્યાની રાહ જોતા બેસી રહેવાને બદલે સામે ચાલીને લોકો પાસે જવાનું નક્કી કર્યું.
- <u>ટોળાં ભેગાં નથી કરવાં</u> : બાબાજીએ જોયું કે પરંપરામાં કોઈપણ મહાપુરૂષ જ્ઞાની હોવાનું પ્રમાણ તો નથી જ. વળી, એ લોકોનાં ટોળાંબંધ શિષ્યો, એમના ભક્તો અને એમના નામ પરથી સમુદાયો તો સમાજમાં જોઈ જ શકાય છે. આ પૃથ્વી પર સ્વર્ગ તો જ શક્ય છે જો અનુભવસંપન્ન માનવોની પરંપરા સ્થાપિત થાય. એટલે, પોતાની પાસે ટોળાં ભેગાં કરવાને બદલે એ જ માનવોને અનુભવ બોધ કરાવવો, જેમને 'સમજવું' સૌથી વધુ મહત્વનું લાગતું હોય. આજે અનેક વ્યક્તિઓ અધ્યયનમાં અને તે મુજબ જીવવામાં લાગેલાં જોઈ શકાય છે.

- <u>સાધના કે અધ્યયન?</u> : પરંપરામાં જ્ઞાનપ્રાપ્તિ માટે સાધના-તપસ્યા-સમાધિનો રસ્તો દેખાડેલો છે. બાબાજીને પણ વડીલો અને ગુરૂજનોએ એ જ સલાહ આપી હતી. પ્રત્યેક માનવ નિરંતર સુખી થવા માંગે છે, જે અનુભવસંપન્નતાથી જ શક્ય છે. પણ જ્યાં સાધુજનો જ વિરક્તિવાદીઓ સાધનાવિધિ માટે તૈયાર નથી તો અન્ય માનવો પાસે તો શું અપેક્ષા રાખવી! અને જો કોઈ સાધના માટે જ તૈયાર થવાનું નથી તો પછી ‘સમાધિથી અનુભવ’ યાત્રા તો કોણ કરે! હા, આજે દરેક માનવ ૨૦ વર્ષ કરતાં પણ વધુ સમય આધુનિક શિક્ષણ મેળવવા માટે લગાવે છે. આ સમજણને શિક્ષણની વસ્તુ તરીકે તૈયાર કરીએ તો પ્રત્યેક માનવસંતાન કોઈ શિક્ષણ સંસ્થાનમાંથી બહાર નીકળે ત્યારે સમજણસંપન્ન હોય. તો, આ સંપૂર્ણ જ્ઞાનને ખૂબ જ વ્યવસ્થિત રીતે પ્રસ્તુત કરવા માટે અધ્યયન વિધિ તૈયાર કરવાનો બાબાજીએ નિશ્ચય કર્યો.

## <u>અધ્યયન વિધિ</u>

બાબાજીના ચિંતનનો નિચોડ એ હતો, ‘કોઈપણ માનવ સાહજિક રીતે જ એ સ્વીકારી શકે કે જે જ્ઞાનનો અનુભવ બાબાજીને ૨૦-૩૦ વર્ષની કઠોર સાધના પછી થયો એ જ્ઞાનનો અનુભવ મને અધ્યયન કરવાથી થઈ શકે છે. એ માટે જિજ્ઞાસુ વ્યક્તિને બે વાતો પર વિશ્વાસ હોવો જોઈએ- પહેલો તો તેને એ વિશ્વાસ હોવો જોઈએ કે આ માણસ (એટલે કે બાબાજી) ખરેખર જ્ઞાનસંપન્ન છે. બીજો વિશ્વાસ તેને એ હોવો જોઈએ કે બાબાજીને જે અનુભવ થયો છે તેને તે યથાર્થ સમજાવી શકે છે, એમના અનુભવને શબ્દોમાં વ્યક્ત કરી શકે છે. નહિંતર, પરંપરામાં માનવજાતિને વિશ્વાસ કરવા માટે કોઈ જ આધાર કે પ્રમાણ ઉપલબ્ધ નથી.’

પરંપરામાં જોઈ શકાયું છે કે અમુક માનવોએ લોકોનો વિશ્વાસ જીતવા માટે કંઈક અસહજ (પ્રાકૃતિક નિયમોની વિરુદ્ધ લાગતી હોય તેવી) ક્રિયાઓ કરી

દેખાડી, જેને લોકો 'ચમત્કાર' કહેવા લાગ્યા. બાબાજીના કહેવા મુજબ, અસ્તિત્વમાં ચમત્કાર જેવું કશું નથી. અસ્તિત્વમાં કોઈ રહસ્ય નથી. આપણે કાં તો નિયમ સમજીએ છીએ કાં તો ભ્રમિત રહીએ છીએ. લોકોનો વિશ્વાસ જીતવા માટે કેટલાક માનવોએ શાસ્ત્રોના 'આપ્ત વાક્યો'ને પ્રમાણરૂપ માન્યાં. બાબાજી કહે છે કે અનુભવસંપન્નતાનું સત્યાપન જ 'આપ્ત વાક્ય' છે.

પણ સ્વયંની (બાબાજી)ની જ્ઞાનસંપન્નતાને કોણ પ્રમાણિત કરશે? કોઈ બીજી જ્ઞાનસંપન્ન વ્યક્તિ એ કરી શકે અથવા તો કોઈ સાર્વભૌમ આધાર હોવો જોઈએ. કોઈ શાસ્ત્ર કે કોઈ યંત્ર તો પ્રમાણ ન જ હોય. નિષ્કર્ષ નીકળ્યો કે તેમનું આચરણ, તેમનું જીવવું એ જ જ્ઞાનસંપન્નતાનું પ્રમાણ. આ વિચાર સાથે તેઓએ માનવીયતાપૂર્ણ આચરણની કસોટી તૈયાર કરી અને નિરંતર એ મુજબ જીવ્યા. તેઓ દરેક જિજ્ઞાસુ કે અન્ય માનવોને પોતાનું જીવન ચકાસવા માટે આમંત્રિત કરતા. આ રીતે તેમનું જીવન રહસ્યમુક્ત અને પારદર્શી બન્યું, જેથી તે સૌને માટે 'સાચું જીવવાનું પ્રમાણ અને પ્રેરણા' બની રહ્યું.

અનુભવનું યથાર્થ વર્ણન થઈ શક્યું છે એનું પ્રમાણ શું? આ દર્શન પર જિજ્ઞાસુઓને કેવી રીતે વિશ્વાસ થશે? અનુભવમૂલક ચિંતનથી નિષ્કર્ષ નીકળ્યો કે એનાં બે પ્રમાણ છે. એક, અધ્યયનવિધિનો પ્રારંભિક પડાવ જિજ્ઞાસુઓ તરત જ પ્રાપ્ત કરી શકે. બે, પ્રત્યેક માનવ એમની આ વિધિનો હેતુ સ્પષ્ટ જોઈ શકે, જે મોટાભાગના સાધુઓની જેમ સુવિધાનો સંગ્રહ નહિ, પણ સર્વશુભનો છે. સર્વશુભની કામનાનું પ્રમાણ પણ તેમનાં આચરણ પરથી જ તો સ્પષ્ટ થશે. એટલે વાત તો પાછી 'આચરણ એ જ જ્ઞાનસંપન્નતાનું (કે અનુભવનું) પ્રમાણ' પર આવીને અટકી. માનવે પોતે જ સ્વયંના અનુભવનું સત્યાપન કરવાનું છે. તેથી પુનઃ તેઓએ સ્વયંનું સત્યાપન સમગ્ર માનવજાતિ માટે પ્રસ્તુત કર્યું.

આમ, સર્વશુભની કામના અને પ્રેમથી ઓતપ્રોત બાબાજીએ અનુભવમૂલક ચિંતનથી, સ્મરણપૂર્વક, અધ્યયન પ્રક્રિયા રજૂ કરી, જેના થકી માનવીય આચરણની પરંપરા સ્થાપિત થઈ શકે. આ પ્રક્રિયા દરમિયાન તેમને સમજાયું કે

કોઈપણ અધ્યયનકર્તા માટે, અનુભવગામી વિધિથી, અનુભવ કરવા માટે ત્રણ બાબતો અનિવાર્ય છે :

1) જિજ્ઞાસા : સર્વપ્રથમ તો અધ્યયનકર્તાને એ સ્પષ્ટ થયું હોવું જોઈએ કે સુખપૂર્વક જીવવા માટે અનુભવ અનિવાર્ય છે. તેને એ સમીક્ષિત થયું હોવું જોઈએ કે સુવિધા-સંગ્રહ, ભોગ, અતિભોગ, બહુભોગ અથવા સંવેદનાઓને રાજી રાખવામાં સુખ નથી. તેનામાં એ વાતની સ્વીકૃતિ હોવી જોઈએ કે સુખ, શાંતિ, સંતોષ અને આનંદની નિરંતરતા માટે અનુભવ અને એ પછી અનુભવમૂલક જીવવું એ એકમાત્ર ઉપાય છે.
2) અધ્યયનની વસ્તુ : સાધના સમયે બાબાજી માટે અધ્યયનની વસ્તુ હતી અસ્તિત્વ. અન્ય કોઈ માનવ ક્યારેય અનુસંધાન કરવા માંગે તો તેના માટે પણ અધ્યયનની વસ્તુ અસ્તિત્વ જ છે. પણ અધ્યયનવિધિમાં અધ્યયનની વસ્તુ કંઈક આવી છે- અનુભવસંપન્ન માનવે સમજેલું અસ્તિત્વ, અસ્તિત્વમાં પ્રકૃતિ, જીવન, માનવ અને અખંડ સમાજ તથા સાર્વભૌમ વ્યવસ્થા સહજ અભિવ્યક્તિ. સંક્ષિપ્તમાં અધ્યયનની વસ્તુ પરિભાષિત અને નિશ્ચિત કરી- સહઅસ્તિત્વ, વિકાસક્રમ, વિકાસ, જાગૃતિક્રમ, જાગૃતિ.

   શરૂઆતમાં, આ સંપૂર્ણ સમજણને સૂચના સ્વરૂપે એક પુસ્તકમાં પ્રસ્તુત કરવાનું બાબાજીએ વિચાર્યું. પરંતુ, માનવજાતિના વિચારોમાં વિવિધતા અને દરેક માનવ માટે 'અધ્યયનવસ્તુ'ની આવશ્યકતા તથા સર્વસુલભતા ધ્યાનમાં રાખતાં સંપૂર્ણ દર્શન, વાદ અને શાસ્ત્રને ૧૪ પુસ્તકોમાં લિપિબદ્ધ કરાયાં. એવું બનતું આવ્યું છે કે કોઈ નવું દર્શન કે નવો વિચાર પ્રકાશિત થાય ત્યારે અનેક લેખકો એની ટીકા-ટીપ્પણી કરે, વ્યાખ્યાઓમાં ફેરફારો કરે અને કંઈ કેટલીય જાતનું મીઠું-મરચું ઉમેરાઈને બધું સેળભેળ થઈ જાય, જેમાં મૂળ વિચાર દૂષિત થયા વગર રહે નહિ. મધ્યસ્થ દર્શનની 'અધ્યયનવસ્તુ'ને સૂત્રરૂપ, વ્યાખ્યારૂપ અને એવાં ઘણાં વિવિધ રૂપોમાં લખીને વસ્તુ દૂષિત થવાની સંભાવના પણ નષ્ટ કરી દીધી.

'અધ્યયનવસ્તુ'ની પ્રસ્તુતિમાં ઉપયોગમાં લેવાયેલાં પરંપરાગત શબ્દોને સુવ્યવસ્થિત રીતે પરિભાષિત કર્યાં, જેથી અધ્યયનકર્તા કોઈ નિશ્ચિત શબ્દથી તેને અનુરૂપ વસ્તુ ઓળખી શકે, તેનો સાક્ષાત્કાર કરી શકે, બોધ પામી શકે. બાબાજીએ પરંપરામાં પ્રચલિત શબ્દોની પરિભાષાઓના સંકલનરૂપે, દર્શનના વાડમયમાં, 'પરિભાષા સંહિતા' પ્રસ્તુત કરી. તદુપરાંત, અધ્યયનવસ્તુ, અધ્યયન પ્રક્રિયા અને અન્ય શંકા-સમાધાન માટે જિજ્ઞાસુઓ અને બાબાજી વચ્ચે થયેલા સંવાદો પણ 'સંવાદ' નામનાં બે પુસ્તકોમાં પ્રકાશિત છે. (વાડમયની યાદી આ પુસ્તકના અંતે આપેલી છે.)

3) <u>અભ્યાસ</u> : આદરણીય બાબા નાગરાજજી અનુભવસંપન્નતા પછી અનુભવમૂલક વિધિથી ચાર આયામો (અનુભવ, વિચાર, વ્યવહાર અને ઉત્પાદન)માં જીવી રહ્યા છે અને આ આયામોના પ્રમાણ માટે પાંચ સ્થિતિઓ (સ્વયં, પરિવાર, સમાજ, રાષ્ટ્ર અને અંતર્રાષ્ટ્ર)માં જીવીને અભ્યાસ કરે છે. હા, અનુભવમૂલક વિધિ એટલે અનુભવસંપન્નતા પછી જીવવું અને અનુભવગામી વિધિ એટલે અનુભવસંપન્નતા માટે જીવવું. અધ્યયનવિધિ અનુભવગામી વિધિ છે, જેમાં અધ્યયનકર્તાએ 'અધ્યયનવસ્તુ'ની સૂચના મુજબ જીવવાનું છે. અહીં, 'જીવવું' એટલે 'અભ્યાસ કરવો'. 'અનુભવ' માટે અધ્યયનકર્તાએ 'વિચાર, વ્યવહાર અને કાર્ય/ઉત્પાદન'માં જીવવાનો અભ્યાસ કરવાનો છે. સાંભાળીને કે વાંચીને સંપૂર્ણ અધ્યયનવસ્તુની સૂચનાઓ ગ્રહણ કરવાની છે, એ મુજબ મનન કરીને અધ્યયનવસ્તુને સ્વયંના વિચારોમાં લાવવાની છે અને એ અનુસાર વ્યવહાર અને વ્યવસાય (કાર્ય) કરતાં કરતાં બોધ તથા અનુભવસંપન્નતા તરફ ગતિત થવાનું છે (ગતિ પ્રાપ્ત કરવાની છે).

તો, સ્પષ્ટ છે કે મધ્યસ્થ દર્શનના વાડમયનો ઉદ્દેશ્ય માનવસમાજમાં અધ્યયનપૂર્વક જાગૃતિની પરંપરા સ્થાપિત કરવાનો અને જીવવાનો 'વિકલ્પ' પ્રસ્તુત કરવાનો છે, નહિ કે કોઈ વિચાર કે સાહિત્યનો વિરોધ કરવાનો અને કોઈ આંદોલન ચલાવવાનો. બાબાજીના પ્રત્યેક વિચાર, વ્યવહાર અને કાર્યનો ઉદ્દેશ્ય એ જ રહ્યો છે કે દરેક માનવ સમજદાર થઈ શકે, દરેક માનવ એ સમજી શકે કે માનવજાતિ અને માનવધર્મ એક છે અને દરેક માનવ અખંડ સમાજ તથા સાર્વભૌમ વ્યવસ્થામાં ભાગીદારી કરી શકે.

ઉપરોક્ત અધ્યયન પ્રક્રિયા દ્વારા પ્રત્યેક માનવ અનુભવસંપન્ન થઈ શકે છે. આ પ્રક્રિયા શિક્ષણના માધ્યમથી સર્વસુલભ થઈ શકે છે. બાબાજીએ સમજણને સર્વસુલભ બનાવવા માટે ત્રણ યોજનાઓ પ્રસ્તુત કરી-

1) <u>જીવનવિદ્યા યોજના</u> : જ્યાં સુધી 'અધ્યયનવસ્તુ' અને 'અધ્યયન પ્રક્રિયા' સમાજમાં પ્રચલિત શિક્ષણમાં સ્થાપિત ન થઈ જાય (વસ્તુતઃ શિક્ષણ પ્રણાલી 'અધ્યયનવસ્તુ' મુજબ 'વ્યવસ્થિત' કરવાની જરૂર છે તે ન થાય) ત્યાં સુધી દરેક પ્રૌઢ, વૃદ્ધ અને યુવાનોને 'અધ્યયનવસ્તુ' અને 'જીવન'નો આછો-પાતળો પરિચય થાય એ માટે આ યોજના બાબાજીએ પ્રસ્તુત કરી છે. બાબાજીએ પોતે શિબિર લેવાનું શરૂ કર્યું અને સમય જતાં અન્ય ઘણા લોકો શિબિર ચલાવવા યોગ્ય બન્યા.

2) <u>માનવચેતના વિકાસ મૂલ્યશિક્ષણ યોજના</u> : શિક્ષણના માનવીયકરણ માટે, શિક્ષણ-સંસ્થાઓના અભ્યાસક્રમમાં દાખલ કરવાના હેતુથી 'અધ્યયનવસ્તુ' ની પ્રસ્તુતિ કરવી. દેશ-વિદેશની ઘણી શિક્ષણ-સંસ્થાઓમાં આ પ્રયોગ ચાલી રહ્યો છે.

3) <u>પરિવારમૂલક સ્વરાજ્ય વ્યવસ્થા યોજના</u> : પરિવારને સમાજના મૂળભૂત એકમ સ્વરૂપે વ્યવસ્થિત કરવાની યોજના, જેથી દરેક પરિવાર અખંડ સમાજ સાર્વભૌમ વ્યવસ્થામાં ભાગીદારી કરી શકે. આજે અમુક પરિવાર આ પ્રમાણે જીવવાનો પ્રયોગ કરી રહ્યાં છે. આ યોજના અંતર્ગત 'દશ સોપાનીય વ્યવસ્થા'નું વર્ણન છે,

જેથી ધનના વ્યય વિના એક પરિવાર ગામથી માંડીને સંપૂર્ણ વિશ્વ સુધીની પ્રતિનિધિત્વ પ્રક્રિયા સુનિશ્ચિત કરી શકાય છે. ધરતી પર માનવધર્મ સફળ થઈ શકે છે અને પૃથ્વી ‘સ્વર્ગ’ બની શકે છે.

બાબાજીનું જીવન જ દર્શન અને પ્રમાણ છે. તેઓએ કોઈ નવો પંથ, સંપ્રદાય, મિશન કે સમુદાય શરૂ ન કરતાં સમગ્ર માનવજાતિના ચેતનાવિકાસ હેતુ સાર્વભૌમ ‘અસ્તિત્વમૂલક માનવકેન્દ્રિત ચિંતન’ આપ્યું, જેથી દરેક માનવ, અધ્યયનવિધિથી, જ્ઞાનસંપન્ન કે અનુભવસંપન્ન થઈ શકે છે અને નિરંતર સુખપૂર્વક જીવી શકે છે અને અન્ય માનવોના સુખી થવામાં ભાગીદારી કરી શકે છે. માનવીની જે અપેક્ષા સદીઓથી રહી છે, ‘ભૂમિ સ્વર્ગ અને માનવ દેવતા બને’ એ સફળ થઈ શકે છે!

## ઉપસંહાર

આ પુસ્તકની પૂર્ણાહુતિ પ્રસંગે (ઓગસ્ટ, ૨૦૧૫) જોઈએ કે....

આદરણીય બાબાજી અને તેમના માર્ગદર્શન હેઠળ માનવીય પરંપરા તથા માનવીય શિક્ષણ-સંસ્કાર માટે કયા કાર્યો થયાં છે.....

- જીવનવિદ્યા શિબિરોના માધ્યમથી (ઓગસ્ટ, ૨૦૧૫ સુધીમાં) ૮૦,૦૦૦ કરતાં પણ વધુ લોકો મધ્યસ્થ દર્શનથી પરિચિત થયા છે. શિબિરના પ્રબોધકો અને શિબિરાર્થીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. છ માસિક, એક વર્ષીય, બે વર્ષીય અને ત્રણ વર્ષીય અધ્યયન શિબિરોની અને શિબિરાર્થીઓની સંખ્યા વધી રહી છે. આથી એ સાબિત થાય છે કે ધરતી પર માનવીય પરંપરાની તૃષા પ્રત્યેક માનવને છે જ.
- કેટલાક માનવો દર્શન સમજીને હવે અનુભવ અને પ્રમાણ માટે પ્રયત્નશીલ છે. કેટલાક માનવો ‘વિકલ્પ’ અનુસાર જીવતાં જીવતાં માનવીય શિક્ષણ-સંસ્કાર અને માનવીય પરંપરા માટે પ્રયત્નશીલ છે.
- અમુક જગ્યાઓએ કેટલાક પરિવારો સ્વયંસ્ફૂર્ત રીતે ‘પરિવારમૂલક સ્વરાજ વ્યવસ્થા’ માટે ‘વિકલ્પ’ અનુસાર જીવી રહ્યાં છે, અધ્યયન કરી રહ્યાં છે અને કરાવી રહ્યાં છે. દિવ્યપથ સંસ્થાન, અમરકંટક (મધ્યપ્રદેશ);

અભ્યુદય સંસ્થાન, અછોટી (રાયપુર, છત્તીસગઢ); બિજનૌર (ઉત્તરપ્રદેશ); માનવીય શિક્ષણ-સંસ્કાર સંસ્થાન, કાનપુર (ઉત્તરપ્રદેશ); માનવચેતના વિકાસ કેન્દ્ર, ઈન્દોર (મધ્યપ્રદેશ) અને બુલ્ઢાણા (મહારાષ્ટ્ર)માં અધ્યયનની વ્યવસ્થા છે.

- ❖ દિલ્હી, હૈદરાબાદ, પુણે, સરદારશહર (રાજસ્થાન), બેમેતરા (છત્તીસગઢ), અમરોહા (ઉત્તરપ્રદેશ), ચકારસી (ઉત્તરપ્રદેશ), બૅંગ્લોર અને ગુજરાતમાં અમદાવાદ, રાજકોટ, કુકુમા (ભુજ) અને સુરત ખાતે નિયમિત રીતે જીવનવિદ્યા શિબિરો અને ગોષ્ઠીઓ આયોજિત થાય છે.
- ❖ શિક્ષણના માનવીયકરણના પ્રયત્નો અંતર્ગત શુદ્ધરૂપે ‘ચેતનાવિકાસ મૂલ્યશિક્ષણ’ આધારિત ‘અભિભાવક વિદ્યાલય’ રાયપુરમાં સ્થિત છે. આ વિદ્યાલયમાં દરેક શિક્ષક-શિક્ષિકા વેતન વિના સ્વયંની પ્રસન્નતાની અભિવ્યક્તિ સ્વરૂપે શિક્ષણ આપે છે.
- ❖ છત્તીસગઢ શિક્ષણવિભાગ દ્વારા ધોરણ ૧ થી ૫ સુધીના ‘ચેતનાવિકાસ મૂલ્યશિક્ષણ’નાં પાઠ્યપુસ્તકો પ્રકાશિત થયાં છે, જેનું શિક્ષણ તમામ સરકારી શાળાઓમાં ફરજીયાત છે. શિક્ષણવિભાગના અધિકારીઓ અને શિક્ષકો અધ્યયન માટે નિયમિત રીતે અછોટી આવે છે.
- ❖ મધ્યસ્થ દર્શન આધારિત, કોલેજ કક્ષાનો અભ્યાસક્રમ Universal Human Values in Professional Ethics નામે દેશની ૪૨ યુનિવર્સિટીમાં (૨૦૧૭ સુધીમાં) ભણાવાય છે, જેમાં IIT કાનપુર, IIT વારાણસી, IIIT હૈદરાબાદ ઉપરાંત લગભગ ૧૦,૦૦૦ કોલેજોનો સમાવેશ થાય છે. આ અભ્યાસક્રમ ભૂટાનની બે યુનિવર્સિટીમાં દાખલ કરાયો છે.
- ❖ આ તમામ બિંદુઓ પર વિસ્તૃત માહિતી http://www.madhyasth-darshan.info વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

# વાઙમય

‘અસ્તિત્વમૂલક માનવકેન્દ્રિત ચિંતન’ અથવા ‘મધ્યસ્થ દર્શન સહઅસ્તિત્વવાદ’

આધારિત પુસ્તકોની સૂચિ (આ પુસ્તકો હિન્દી ભાષામાં છે.)

## દર્શન

- માનવ વ્યવહાર દર્શન
- માનવ કર્મ દર્શન
- માનવ અભ્યાસ દર્શન
- માનવ અનુભવ દર્શન

## વાદ

- વ્યવહારાત્મક જનવાદ
- સમાધાનાત્મક ભૌતિકવાદ
- અનુભવાત્મક અધ્યાત્મવાદ

## શાસ્ત્ર

- વ્યવહારવાદી સમાજશાસ્ત્ર
- આવર્તનશીલ અર્થશાસ્ત્ર
- માનવ સંચેતનાવાદી મનોવિજ્ઞાન

## સંવિધાન

- માનવીય આચાર સંહિતા રૂપી માનવીય સંવિધાનની સૂત્ર વ્યાખ્યા

## અન્ય

- જીવનવિદ્યા : એક પરિચય
- વિકલ્પ
- અધ્યયનબિંદુ
- પરિભાષા સંહિતા
- સંવાદ ભાગ-1, 2 (ભાગ 3 પ્રકાશિત થવામાં છે)
- સંકલન (પ્રકાશિત થવામાં છે)

**બાબાજી સાથેના સંવાદના ઓડિયો-વીડિઓ પણ ઉપલબ્ધ છે**

Website:
www.madhyasth-darshan.info

E-mail:
info@madhyasth-darshan.info